(*d*) It is used as an *adjective*: as,

સંઘર્યો સાપ પણ કામનો છે, **હાર્યો** જુગારી બમણું રમે.

(*e*) It may be used as a *noun*: as,

'**આવ્યું**' સમાય પણ **ગયું** ન સમાય. **દાઝયા** પર ડામ.
તમારે **કહે** (=કહ્યે) હું નહી આવું. એમ **કરે** (=કર્યે) શું વળશે?
હાથનાં **કર્યાં** હૈયે વાગ્યાં. હવે **રડયાથી** શો લાભ છે?

189.— **વિશેષ ભૂત કૃદંત.**

(*a*) It is used as a *finite verb*: as,
જડે તો જીભે જશ કહો જે **જડેલું.**

(*b*) It is used as an *adjective*: as,
ઘરેણું **ઘડેલું, પડેલું, ખડેલું.**

(*c*) It is used as a *noun*: as,
ઉપલી કોરટે નીચલી કોરટે **કરેલું** રદ કર્યું.

190.— ભવિષ્ય કૃદંત.

(*a*) It is used as a *future Indefinite verb*, where it indicates a high degree of probability: as,
તે આજ કાલ **આવવાનો.** હવે વરસાદ જરૂર **પડવાનો.**
તેઓએ જોયું કે હવે રાત **પડવાની.** એ છોકરા તું **પડવાનો.**

(*b*) It is used as an *adjective* : as,
આવવાનું કારણ, **મળવાનો** દિવસ.

(*c*) It is used as a *noun* ; as,
તમારે આજે નિશાળે **જવાનું** નથી ?
જૂના કાગળના પણ કાગળ બને છે અને તે **બનાવવાનું** તો સેહેલું છે.

(*d*) It is used in forming the present and the past prospective tenses: as, તે આજ મારે ત્યાં **આવવાના** છે. હું તેમને મળવા **જવાનો** હતો.

191.— સંબંધક ભૂતકૃદંત.

(*a*) This participle is principally used in connecting two clauses, where it shows that the action denoted by it takes place before that denoted by the finite verb: as, તે રોજ **જમીને** ન્હાય છે. તમારા પાઠ **કરીને** રમવા જજો. આટલું કામ **પતાવીને** હું આવું છું.

(*b*) It is frequently used in simplifying the construction by avoiding the frequent repetition of the subject and the finite verb: as, બાળક બ્હીલું મ્હોં **કરી** રોઈ પડયો. ઉંચો **હાથ કરી** કંઈક નિશાની કરી.

બુદ્ધિધન મ્હાવત સાથે મીઠાશથી વાતો **કરી,** હાથીની ખબર **પૂછી,** પાછો વાળ્યો.

બુદ્ધિધન............ **ન્હાઇ,** **ધોઇ,** સંધ્યા પૂજા **કરી,** દીવાનખાનામાં ફરવા લાગ્યો.

N. B.--In these examples the *subject* of the participles as also of the finite verb is *one and the same*. Sometimes the subject of the participle is quite different from that of the finite verb. In that case, the subject of the participle, *having only a participle for its verb*, is said to be in the *Nominative Absolute case* (*Vide* Art. 145): as, હું આવી **પહોંચતાં** તે એકદમ રોઈ પડયો. સાંજ **પડતાં** હમે ગામમાં પહોંચ્યા.

(*c*) It is used in forming compound verbs: as,

લખીનાંખ, **નાંખી** દે, **સુઇ**જા, **ભણી** રહ્યો, **રમી** લે.

(*d*) It often shows *manner*: as,

પલાળી પલાળીને નરમ કરવું (by constant wetting)

ચોળો ચોળીને ચાંદુ કરવું (by continued rubbing)

પતરાંને **ટીપી ટીપીને** પાતળું કરે છે (by long beating)

N. B.—This participle may sometimes show *cause*: as,

તને રડતો **જોઇ** મને દયા આવે છે (=જોઉં છું તેથી)

ત્હારૂં નામ **સાંભળી** દુશ્મનો થરથરે છે (=સાંભળે છે તેથી)

It has, in a few rare constructions, the force of *although*: as,

રજપૂત **થઇને** આમ ડરે છે શું ? (=છે તે છતાં)

બ્રાહ્મણ **થઈને** આવું ઘોર કર્મ કરતાં લાજતો નથી ?

TENSE (કાળ).

192. કાળ or *Tense* shows the time when an action is performed. As the natural divisions of time are three, the present, past, and future, there are in Gujarati *three primary* or *Simple Tenses*, called **શુદ્ધકાળ:**

વર્તમાનકાળ or the Present Indefinite Tense.

ભૂતકાળ or the Past Indefinite Tense.

ભવિષ્યકાળ or the Future Indefinite Tense.

193. In Gujarati the tenses are formed either by inflection or by the help of the auxiliary હો. The *primary* tenses (**શુદ્ધકાળ**) are all formed by inflection, while the *compound* tenses (**મિશ્રકાળ**) are formed by joining the various forms of હો with the several participles.

વર્તમાનકાળ.

194. **વર્તમાનકાળ** shows that an action is going on at the *present* time: as, હું **વાંચું**, તું **વાંચે.** It is formed by adding the following suffixes to the verbal root:—

	Sing.	*Plur.*
1 Pers	ઉં	ઇએ, ઇયે
2 Pers.	એ (ય)	ઓ
3 Pers.	એ (ય)	એ (ય)

The verbal roots ending in આ or ઓ take the suffix ય in-

stead of એ, and those ending in એ, do not undergo any change in the 2 Sing., and 3 Sing. and plur. forms: as, ખાય, જોય, ખોય, લે, રહે, કહે, સહે.

The above suffixes are common to the Indicative as well as the Subjunctive moods: as,

તે ઇંદ્રને ઇચ્છે નહીં તો તુજને ક્યાંથી **પરણે**—Indicative

રખે તું ત્યાર પહેલી **પરણે** ત્યારે હું થાઉં ફજેત—Subjunctive

ભૂતકાળ.

195. **ભૂતકાળ** expresses the action as done or finished in the *past* time: as, તે નિશાળે **ગયો,** તેણે પાઠ **વાંચ્યો.**

Verbs in the past tense are inflected for *gender* and *number*, unlike those in the present tense which are inflected for *person* and *number*. The following terminations express past tense, indicative mood:—

Mas.	*Fem.*	*Neut.*	
યો	ઈ	યું	Sing
યા	ઈ	યાં	Plur.

Some verbs do not form their past tense in the regular way, and hence they are called અનિયમિત ક્રિયાપદ—Irregular Verbs (Vide Art. 100).

The Subjunctive form of the past tense takes ત in all genders and numbers: as,

Sing.	*Plur.*
હું-તું-તે વાંચત	અમે-તમે-તેઓ વાંચત

ભવિષ્યકાળ.

196. **ભવિષ્યકાળ** shows that the action is to take place at some *future* time: as, તે કાલે **આવશે.** સવાર **થશે** ત્યારે રાજા **જાગશે.** It is formed by the following suffixes in the Indicative as well as the Subjunctive moods:—

	Sing.	*Plur.*
1 Pers.	ઈશ	શું, ઈશું
2 Pers.	શે (ઈશ)	શો
3 Pers.	શે	શે

The passive and causal forms of the above mentioned tenses are formed by adding the above tense-terminations to the passive and causal forms formed from the verbal roots : as,

	Active	*Passive*	*Causal*
Pres (Ind. and Subj.)	વાંચે	વંચાય	વંચાવે
Past (Ind.)	વાંચ્યું	વંચાયું	વંચાવ્યું
Past (Subj.)	વાંચત	વંચાત	વંચાવત
Fut. (Ind. and Subj.)	વાંચશે	વંચાશે	વંચાવશે

THE COMPOUND TENSES.

197. **મિશ્રકાળ** chiefly denote the *completeness* or *incompleteness* of the action at the time referred to by the Simple Tense.

198. The compound tenses are formed by the help of the auxiliary verbs. The *only* auxiliary verb so

used in Gujarati is હો. The present, past, or future forms of this auxiliary are added to the various participles to form the compound tenses.

N. B.—There is one *exceptional* compound tense, the **દ્વિત્વ વર્તમાન કાળ,** in which the auxiliary is joined not to the participle, but to the tense form and that only in the Indicative mood: as, **વાંચું છું, વાંચીએ છીએ.** But this apparent exception may be explained by the fact that the regular forms formed by the auxiliary joined with the participle, as **વાંચતો છું, વાંચતા છીએ** &c. though not used by the higher classes, are yet current among the lower ranks of Gujarat proper.

193. Of the seven participles, the સામાન્ય કૃદંત, the સંબંધક ભૂત કૃદંત and the કર્તૃવાચક કૃદંત are never used in forming the compound tenses. The remaining four are joined with the present and past forms of the auxiliary હો to form the following *eight* compound tenses:—

વર્તમાન કૃદંત {
1. દ્વિત્વ વર્તમાન—Present Imperfect
2. વર્તમાન ભૂત —Past Imperfect

ભૂત કૃદંત {
3. ભૂત વર્તમાન—Present Perfect
4. દ્વિત્વ ભૂત વર્તમાન—Plue Perfect [Perfect

વિશેષભૂતકૃદંત {
5. વિશેષ ભૂત વર્તમાન—Emphatic Present
6. વિશેષ દ્વિત્વ ભૂત—Emphatic Past Perfect

ભવિષ્ય કૃદંત {
7. ભવિષ્ય વર્તમાન—Prospective (Intentional) Present. [Past.
8. ભવિષ્ય ભૂત—Prospective (Intentional)

1. દ્વિત્વ વર્ત્તમાનકાળ.

200. **દ્વિત્વ વર્ત્તમાનકાળ** shows that the action *is in continuance* for some time present or past; as **હું હાલ ભણું છું, તે આજ બાર વરસ થયાં નોકરી કરે છે.**

It is formed by joining the present forms of હો to the present tense forms of the principal verb:—

	Sing.	*Plur.*
1 Pers.	હું વાંચું છું	અમે વાંચીએ છીએ
2 Pers.	તું વાંચે છે	તમે વાંચો છો
3 Pers.	તે વાંચે છે	તેઓ વાંચે છે

N. B.—In the Subj. mood, the pres. subj. forms of હો are substituted for the above forms of the stem છ, and the principal verb takes its regular forms: as, **હું વાંચતો હોઉં, તે લખતો હોય,** &c

2. વર્ત્તમાન ભૂતકાળ.

201. **વર્ત્તમાન ભૂત** shows that the action *was in continuance* in time that is past: as, **હું વાંચતો હતો.**

It is formed by joining the past forms of હો to the વર્તમાન કૃદંત of the principal verb:—

	Sing.	*Plur.*
Masc.	હું-તું-તે વાંચતો હતો	અમે-તમે-તેઓ વાંચતા હતા
Fem.	હું-તું-તે વાંચતી હતી	અમે-તમે-તેઓ વાંચતી હતી
Neut.	હું-તું-તે વાંચતું હતું	અમે-તમે-તેઓ વાંચતાં હતાં

N. B.—The past. subj. હોત takes the place of the above forms of હો in the subj. mood: as, હું **વાંચતો હોત,** તું **વાંચતી હોત,** તેઓ **વાચતા હોત,** &c.

3. ભૂત વર્તમાનકાળ and

4. દ્વિત્વ ભૂતકાળ.

202. ભૂત વર્તમાન shows that the action has *just* been *completed*: as, મેં **વાંચ્યું** છે. તોફાન શાંત **પડયું** છે.

દ્વિત્વ ભૂત shows that the action *was completed* in time that is past; as, મેં **વાંચ્યું હતું.** તેણે ઘર **ન્હોતું હતું.**

203. The ભૂત વર્તમાન and the દ્વિત્વ ભૂત are formed by suffixing respectively the present and the past forms of હો to the past Participle of the principal verb.

ભૂત વર્તમાનકાળ.

સકર્મક—વાંચવું.

	Sing.	*Plur.*
Masc.	મેં—તેં—તેણે વાંચ્યો છે	અમે—તમે—તેઓએ વાંચ્યા છે
Fem	મેં—તેં—તેણે વાંચી છે	અમે—તમે—તેઓએ વાંચી છે
Neut.	મેં—તેં—તેણે વાંચ્યું છે	અમે—તમે—તેઓએ વાંચ્યાં છે

Note—The subj. mood has હોય instead of છે in the above forms: as, **વાંચ્યો હોય, વાંચી હોય, વાંચ્યાં હોય.**

અકર્મક—પડવું.

	Sing.	*Plur.*
1 Pers.	હું પડયો—ડી—ડયું છું	અમે પડયા—ડી—ડયાં છીએ
2 Pers.	તું પડયો—ડી—ડયું છે (છું)	તમે પડયા—ડી—ડયાં છો
3 Pers.	તે પડયો—ડી—ડયું છે	તેઓ પડયા—ડી—ડયાં છે

Note—The pres. subj. forms are used instead of the Ind. forms in the Subj. mood.

દ્વિત્વ ભૂતકાળ.

સકર્મક—વાંચવું.

	Sing.	*Plur.*
Masc.	મેં-તેં-તેણે વાંચ્યો હતો	હમે-તમે-તેઓએ વાંચ્યા હતા
Fem.	,, વાંચી હતી	,, વાંચી હતી
Neut.	,, વાંચ્યું હતું	,, વાંચ્યાં હતાં

Note—The Subj. Mood has હોત in all the genders.

અકર્મક—પડવું.

Masc.	હું-તું-તે પડયો હતો	અમે-તમે-તેઓ પડયા હતા
Fem.	,, પડી હતી	,, પડી હતી
Neut	,, પડયું હતું	,, પડયાં હતાં

Note—The Subj. mood takes હોત in the above forms.

N. B.—In the ભૂત વર્તમાન, the verb, if transitive, takes કર્મણિ પ્રયોગ (or the *objectival* construction); it thus agrees with the *object* in gender and number. The principal verb, therefore, is inflected to agree with the object in gender and number, while the auxiliary છે remains unchanged. But if the verb be intransitive, the construction is કર્તરિ (or *subjectival*) and thus the intransitive principal verb agrees with the *subject* in gender and number, while the auxiliary agrees with it in number and person.

In the દ્વિત્વભૂત, the principal verb as well as the auxiliary, agree in gender and number with the subject, if the verb is intransitive, and with the object if it is transitive.

5. વિશેષ ભૂત વર્તમાનકાળ and
6. વિશેષ દ્વિત્વ ભૂતકાળ.

204. These forms are similar in meaning to the ભૂત વર્તમાન and the દ્વિત્વભૂત respectively: only the former are a little more *emphatic*. As, **મેં વાંચેલું છે.** બારણે તાળું **દીધેલું હતું.** They are formed by adding respectively the present and past forms of હો to the remote past participle of the principal verb:—

વિશેષ ભૂત વર્તમાનકાળ

સકર્મક—વાંચવું.

	Sing.	*Plur.*
Masc.	મેં–તેં–તેણે વાંચેલોછે	અમે–તમે–તેઓએ વાંચેલાછે
Fem.	,, વાંચેલીછે	,, વાંચેલીછે
Neut.	,, વાંચેલુંછે	,, વાંચેલાંછે

Note–The subj. mood has હોય instead of છે.

અકર્મક—પડવું.

	Sing.		*Plur.*	
1 Pers.	હું પડેલો–લી–લું	છું	અમે પડેલા–લી–લાં	છીએ
2 Pers.	તું ,,	છે (છું)	તમે ,,	છો
3 Pers.	તે ,,	છે	તેઓ ,,	છે

Note—The pres. subj. forms are used instead of the Ind. forms in the subj. mood.

વિશેષ દ્વિત્વ ભૂતકાળ

સકર્મક—વાંચવું.

	Sing.	*Plur,*
Masc	મેં-તેં-તેણે વાંચેલો હતો	અમે-તમે-તેઓએ વાંચેલા હતા
Fem.	,, વાંચેલી હતી	,, વાંચેલી હતી
Neut.	,, વાંચેલું હતું	,, વાંચેલાં હતાં

અકર્મક—પડવું.

	Sing.	*Plur.*
Masc.	હું-તું-તે પડેલો હતો	અમે-તમે-તેઓ પડેલા હતા
Fem.	,, પડેલી હતી	,, પડેલી હતી
Neut.	,, પડેલું હતું	,, પડેલાં હતાં

Note—The Subjunctive mood takes હોત in all the genders and numbers in the above forms.

The *N. B.* given at the end of Art. 203 applies to these two tenses also.

7. ભવિષ્ય વર્તમાનકાળ and
8. ભવિષ્ય ભૂતકાળ.

205. **ભવિષ્ય વર્તમાન** or the *prospective present* indicates the *present* intention to do some *future* act; as, હું **જવાનો છું.**

ભવિષ્યભૂત or the *prospective past* indicates that the action was to take place *in time that is past,* but it did *not* take place: as, તે **આવવાનો હતો** પણ આવ્યો નહીં.

206. The ભવિષ્યવર્તમાન and the ભવિષ્યભૂત are formed

respectively by suffixing the present and past forms of હો to the ભવિષ્યકૃદંત of the principal verb:—

ભવિષ્ય વર્તમાનકાળ.

	Sing.		*Plur.*	
1 Pers.	હું વાંચવાનો-ની-નું-છું		હમે વાંચવાના-ની-નાં-છીએ	
2 Pers.	તું	,, છે (છું)	તમે	,, છો
3 Pers.	તે	,, છે	તેઓ	,, છે

Note—In the Subjunctive mood the subj. forms of હો take the place of the above Indicative forms.

ભવિષ્ય ભૂતકાળ.

	Sing.	*Plur.*
Masc.	હું-તું-તે વાંચવાનો હતો	હમે-તમે-તેઓ વાંચવાના હતા
Fem.	,, વાંચવાની હતી	,, વાંચવાની હતી
Neu.	,, વાંચવાનું હતું	,, વાંચવાનાં હતાં

The Subj. mood has હોત in all genders and numbers.

N. B.—Besides the eight compound tenses above enumerated, there are four other tenses formed by adding the future form હશે of the auxiliary હો to each of the four participles: as,

વાંચતો-તી-તું &c. હશે

વાંચ્યો-ચી-ચ્યું &c. હશે

વાંચેલો-લી-લું &c. હશે

વાંચવાનો-ની-નું &c. હશે

But as these tenses are subjunctive in sense, they are not generally classed with the principal compound tenses mentioned above.

DEFECTIVE VERBS (અપૂર્ણ ક્રિયાપદ).

207. **અપૂર્ણ ક્રિયાપદ** are those that have not got the full complement of forms to fill up all the moods and tenses. (Vide Art. 99).

In Gujarati the only defective verbs are **હો** and **જોઇએ.**

208. The verb હો is conjugated in the following forms:— .

PRESENT TENSE.

	Ind. mood			Subj. mood	
	Sing.	*Plur.*		*Sing.*	*Plur.*
1.	છું	છીએ	1.	હોઉં	હોઇએ
2.	છે(છું)	છો	2.	હોય	હો
3.	છે	છે	3.	હોય	હોય

PAST TENSE

M.	હતો	હતા	M.	હોત or હોતે.
F.	હતી	હતી	F.	
N.	હતું	હતાં	N.	

FUTURE TENSE.

1.	હોઇશ–હઇશ	હોઇશું–હઇશું	1.	The same as Ind forms.
2.	હોશે–હશે	હોશો–હશો	2.	
3.	હોશે–હશે	હોશે–હશે	3.	

The only compound tense in which હો is conjugated is the દ્વિત વર્તમાનકાળ.

	Sing.	*Plur.*
1 Pers.	હોઉં છું	હોઇએ છીએ
2 Pers.	હોય છે	હો છો
3 Pers.	હોય છે	હોય છે

The Imperative forms are હો, હોય, હોજે, હોજો, હજો
The સામાન્ય કૃદત " " હોવો–વી–વું
The વર્તમાન કૃદંત " " હોતો–તી–તું, હોતાં (છતાં)
The ભવિષ્ય કૃદત " " હોવાનો–ની–નું
The કર્તૃવાચકકૃદંત " " હોનારો–રી–રૂં, હોનાર
The સંબંધક કૃદત " " હોઈ–હોઇને

209. The *negative* form of છે is નથી=છે+નહીં. This નથી is therefore called the નિષેધ રૂપ of the stem છ.

210. The forms of the verb હો are used in several ways:—

(*a*) They are chiefly used as auxiliary verbs in forming the compound tenses; as, વાંચું છું, વાંચતો હોઉં &c.

(*b*) Some of the common forms like છે, હતો &c. are frequenty used as intransitive verbs of complete predication in the sense of *to exist or to be present*: as, તું **છે** કે નહીં ? તમે **છો** ત્યાં સુધી મ્હારે કશી ચિંતા નથી.

(*c*) They are also used as intransitive verbs of incomplete predication; as, સરકાર માબાપ **છે.** તે રજપૂત **હતો.** હું પુરૂષ **હોત** તો બતાવી આપત.

(*d*) They are used to denote possession when

the noun or pronoun denoting the possessor is placed in the objective case: as, તેને બે ભાઇ ને એક બેન **છે.** તે રાજ્યમાં ગરીબોને ખાવા અન્ન **નહતું** અને પેહેરવા વસ્ત્ર **નહતું.**

211. The defective જોઇએ is conjugated in the following few forms:—

શુદ્ધકાળ—Simple Tenses

વર્તમાનકાળ—Pres. Indef.	Ind.	જોઇએ
	Subj.	જોઇએ
ભૂતકાળ—Past Indef.	Ind.	......
	Subj.	જોઇઅત (જોઇતે)
ભવિષ્યકાળ—Fut. Indef.	Ind.	જોઇશે
	Subj.	જોઇશે

મિશ્રકાળ—Compound Tenses

દ્વિત્વ વર્તમાન—Pres. Imperf.	Ind.	જોઇએ છે
	Subj.	જોઇતું હોય
વર્તમાન ભુત—Past. Imperf.	Ind.	જોઇતું હતું
	Subj.	જોઇતું હોત
ભવિષ્ય વર્તમાન—Prosp Pres.	Ind.	જોઇવાનું છે
	Subj.	જોઇવાનું હોય
ભવિષ્ય ભુત—Prosp Past	Ind.	જોઇવાનું હતું
	Subj.	જોઇવાનું હોત

વર્તમાન કૃદંત—Pres. Part.—જોઇતો-તી-તું-તા-તાં

212. **જોઇએ,** a corrupt form of the Sanskrit યુજ્યતે, the passive form of the root યુજ્, is *passive transitive*, and takes the *objectival* construction (**કરણે સકર્મક**

or કર્મણિ પ્રયોગ). The agent, therefore, used in relation to it, ought to be in the 3rd or 5th case, and the object in the nominative case. But according to usage the agent is either placed in the 3rd case or frequently in the Dative case like that in constructions with impersonal verbs, such as (મને-તમને-તેઓને) લાગે છે, દેખાય છે, ભાસે છે &c.

213 The defective જોઇએ is principally used in the two following senses:—

(*a*) In the sense of *want* or *need*: as,

મારે પાણી **જોઇએ** છે. બાળકને આખો લાડુ **જોઇતો** હતો.

તમને (તમારે) કેટલા રૂપિયા **જોઇતા** હતા ?

(*b*) In the sense of *duty, obligation* or *necessity*; as, આપણે પ્રથમથીજ સજ્જ રહેવું **જોઇએ**.

મ્હારૂં બ્રાહ્મણ બાઇનું એ જરા સાંભળ્યું **જોઇએ**.

કારભાર કરવો હોય તેનામાં એના ગુણ પણ હોવા **જોઇએ**.

છેક આટલે સુધી આવવા દેવું **જોઇતું** ન હતું.

It has sometimes got the sense of a *strong inference*; as, આજ તે આવવો **જોઇએ**. મ્હારો કાગળ તમને કાલે મળવો **જોઇએ**.

N. B.—Where જોઇએ shows want or need, the *dative* appears to be necessary in case of nouns and third personal pronouns: as.— **છોકરાને** (not છોકરાએ) લાડુ જોઇએ છે.

તેને (not તેણે) વધારે મુદત જોઇએ છે.

But in the case of first or second personal pronouns either મારે, તારે, &c. or મને, તને, &c. may be used: as,

મારે (or **મને**) ખુશામત જોઈતી નથી. **તારે** (or **તને**) કામ જોઇએ છે.
અમારે (or **અમને**) જરા જોઈએ છે.

Again, where જોઈએ has the sense of duty or obligation, either the *instrumental* or the *dative* may be used in all persons : as,

મારે (or **મને**) જવું જોઇએ. **તારે** (or **તને**) આવવું જોઇએ.
તેણે (or **તેને**) ખાવું જોઇતું હતું.
ઉદ્યોગી **માણસે** (or **માણસને**) વહેલા ઉઠવું જોઇએ.

NEGATION (નિષેધાર્થ).

214. The *Negative Particles* in Gujarati are ન, નવ, ના, નહિ (નહીં), મા, (and the negative verbal form નથી).

Of these, ન and નવ are always used *before* the verb;
ના, નહિ, મા are used either *before* or *after* the verb;
નવ is used in *poetry only*;
ન, ના, નહિ, મા are used in *prose* as also in *poetry*;
મા is used *only* in the *Imperative* mood.

Examples:—

ન—જૂઠું **ન** બોલવું અને અપ્રમાણિક કામ **ન** કરવું.

ન સૂએ ચાકર, **ન** સૂએ ચોર, **ન** સૂએ ધન ગાજંતે મોર.

નવ—તમે કોઇને **નવ** નમો અનગ્ર તમારી કાય.

દૈવતણી તો ગતિ કઠણ છે દૈવ દયા **નવ** આણે.

ના—સામો જવાબ **ના** આપીએ.

ગણ્યા **ના** ગાઢ નિઃશ્વાસ, લીધો સંન્યાસ હે ભ્રાત.

નહીં—આપણો સ્વાર્થ સાધવા કોઇને નુકસાન કરવું **નહીં**.
મુજશીશ અવરને **નહીં** નમે મેં પૂજ્યા શ્રી જગદીશ.
મા—મ્હારા અંતસમે અલબેલા મુજને મૂકશો **મા**.
રૂપિ કહે તમે **મા** રૂવો, મ્હને ગમ્યું હતું એ બાળ.

215. **નથી**, the corrupt form of Sansk. ન+અસ્તિ, is equivalent to Gujarati છે+નહિ. It is called the નિષેધ રૂપ of મૂળ-છ, and is used in two ways:—

(*i*) As a *negative substantive verb* in cases where the corresponding positive forms છે, છું, &c. can be used as principal verbs: as પરમેશ્વર દયાળુ છે, નિર્દય **નથી**. હું ક્ષત્રી છું—વૈશ્ય **નથી.**

(*ii*) As a *negative auxiliary* in those tense-forms in which the auxiliary forms in the conjugation of હો are derivatives of the base છ; as,

Tense	*Positive*	*Negative*
દ્વિત્વવર્તમાન	છોકરો ખાય છે	ખાતો નથી
ભૂતવર્તમાન	છોકરાએ ખાધું છે	ખાધું નથી
વિશેષભૂ. વ.	છોકરાએ ખાધેલું છે	ખાધેલું નથી
ભવિષ્ય વર્ત.	છોકરો ખાવાનો છે	ખાવાનો નથી

N. B.—In the દ્વિત્વવર્તમાન the regular tense-form with the present participle is used in negative forms instead of the present tense-form: as, *positive* હું ચાલું છું has for its *negative* હું ચાલતો નથી and not હું ચાલું નથી.

Though etymologically, નથી is *Ind. 3 pers. sing.*

it has come to be used without any distinction of gender, person, or number : as—

હું, તું, તે તમે, તેઓ છોકરો, છોકરી, છોકરાં	} ઘરમાં **નથી.**

CONJUGATION—રૂપાખ્યાન.

216. *Conjugation* means the arrangement of a verb in all its forms according to its tense, mood, voice, gender, number, and person.

217. Conjugation of the *Transitive* verb **પીવું**:—

મૂળ—**પી** *to drink*

મૂળભેદ—*Active Voice*

શુદ્ધકાળ—*Simple Tenses*

Present Indefinite

	Indicative		*Subjunctive*	
	Sing.	*Plur.*	*Sing.*	*Plur.*
1.	હું પીઉં	અમે પીએ		
2.	તું પીએ	તમે પીઓ	Same as Indicative	
3.	તે પીએ	તેઓ પીએ		

Past Indefinite

M.	મેં-તેં-તેણે પીધો	હમે-તમે-તેઓએ પીધા	
F.	„ પીધી	„ પીધી	હું-તું-તે } પીત
N.	„ પીધું	„ પીધાં	હમે-તમે-તેઓ } પીત

Future Indefinite

1.	હું પીશ	હમે પીશું	Same as Indicative
2.	તું પીશે	તમે પીશો	
3.	તે પીશે	તેઓ પીશે	

Imperative Mood.

Present—તું પી, તમે પીઓ.

Future—તું પીજે, તમે પીજો.

Imper. Inf. form (વિધ્યર્થ સામાન્ય રૂપ)—(મારે, તારે, તેણે...) પીવો-વી-વું-વા-વાં.

Participles

Indef.—પીવો-વી-વું-વા-વાં

Agentival—પીનારો-રી-રૂં-રા-રાં, પીનાર

Present—પીતો-તી-તું-તા-તાં

Past—પીધો-ધી-ધું-ધા-ધાં

Remote p.—પીધેલો-લી-લું-લા-લાં

Future—પીવાનો-ની-નું-ના-નાં

Ind. p.—પી, પીને

મિશ્રકાળ—*Compound Tenses*

Present Imperfect

1.	હું પીઉં છું	અમે પીએ છીએ	હું પીતો-તી-તું હોઉં	અમે પીતા-તી-તાં હોઈએ.
2.	તું પીએ છે	તમે પીઓ છો	તું ,, હોય	તમે ,, હો
3.	તે પીએ છે	તેઓ પીએ છે	તે ,, હોય	તેઓ ,, હોય

Past Imperfect

M.	હું-તું-તે પીતો હતો	અમે-તમે-તેઓ પીતા હતા	પીતો	હોત	પીતા	હોત
F.	,, પીતી હતી	,, પીતી હતી	પીતી		પીતી	
N.	,, પીતું હતું	,, પીતાં હતાં	પીતું		પીતાં	

Present Perfect

M.	પીધો છે	પીધા છે	પીધો	હોય	પીધા	હોય
F.	પીધી છે	પીધી છે	પીધી		પીધી	
N.	પીધું છે	પીધાં છે	પીધું		પીધાં	

Past Perfect

M.	પીધો હતો	પીધા હતા	પીધો	હોત	પીધા	હોત
F.	પીધી હતી	પીધી હતી	પીધી		પીધી	
N.	પીધું હતું	પીધાં હતાં	પીધું		પીધાં	

Emphatic Pres. Perf.

M.	પીધેલો છે	પીધેલા છે	પીધેલો	હોય	પીધેલા	હોય
F.	પીધેલી છે	પીધેલી છે	પીધેલી		પીધેલી	
N.	પીધેલું છે	પીધેલાં છે	પીધેલું		પીધેલાં	

Emphatic Past Perf.

M.	પીધેલો હતો	પીધેલા હતા	પીધેલો	હોત	પીધેલા	હોત
F.	પીધેલી હતી	પીધેલી હતી	પીધેલી		પીધેલી	
N.	પીધેલું હતું	પીધેલાં હતાં	પીધેલું		પીધેલાં	

Prospective Present

1.	હું	પીવાનો-ની-નું	છું	અમે	પીવાના-ની-નાં	છીએ	*Indicative*
2.	તું	,,	છે	તમે	,,	છો	
3.	તે	,,	છે	તેઓ	,,	છે	
1.	હું	પીવાનો-ની-નું	હોઉં	અમે	પીવાના-ની-નાં	હોઇએ	*Subj.*
2.	તું	,,	હોય	તમે	,,	હો	
3.	તે	,,	હોય	તેઓ	,,	હોય	

Prospective Past

M.	પીવાનો હતો	પીવાના હતા	પીવાનો	હોત	પીવાના	હોત
F.	પીવાની હતી	પીવાની હતી	પીવાની		પીવાની	
N.	પીવાનું હતું	પીવાનાં હતાં	પીવાનું		પીવાનાં	

સ[illegible]ભેદ—*Passive Voice.*

The passive forms of the root પી are not used in the first and second persons, so only the third personal forms are mentioned below:—

	3 Pers. Ind.	*3 Pers. Subj.*
Pres.	પીવાય	પીવાય
Past.	પીવાયો-ઈ-યું...	પીવાત
Fut.	પીવાશે	પીવાશે
Pres. Imperf.	પીવાય છે	પીવાતો-તી-તું હોય
Past Imperf.	પીવાતો-તી-તું હતો-તી-તું...	પીવાતો-તી-તું હોત
Pres. Perf.	પીવાયો-ઈ-યું છે...	પીવાયો-ઈ-યું હોય
Past Perf.	પીવાયો-ઇ-યું હતો-તી-તું...	પીવાયો-ઇ-યું હોત
Emph. Pr. P.	પીવાએલો-લી-લું છે	પીવાએલો-લી-લું હોય
Emph. P. P.	પીવાએલો-લી-લું હતો-તી-તું ..	પીવાએલો-લી-લું હોત
Prosp. Pr.	પીવાનો-ની-નું છે	પીવાનો-ની-નું હોય
Prosp. Past.	પીવાનો-ની-નું હતો-તી-તું...	પીવાનો-ની-નું હોત

Pres. Imperative—Sing. પીવા, *Plur.* પીવાઓ

Future Imperat.—Sing. પીવાજે, *Plur.* પીવાજો

Participles

Indef.—પીવાવો-વી-વું......(not commonly used)

Agentival—પીવાનારો-રી-રું...(,, ,, ,,)

Present—પીવાતો-તી-તું-તા-તાં

Past—પીવાયો-ઈ-યું-યા-યાં

Remote p.—પીવાયલો-લી-લું-લા-લાં

Future—પીવાવાનો-ની-નું-ના-નાં

Ind. p.—પીવાઈ, પીવાઈને

પ્રેરકભેદ—*The Causal Form*

મૂળ—પીવાડ *cause to drink, drench*

મૂળભેદ—*Active Voice*

શુદ્ધકાળ—*Simple Tenses*

Present Indefinite

	Ind.		*Subj.*	
	Sing.	*Plur.*	*Sing.*	*Plur.*
1.	હું પીવાડું	અમે પીવાડીએ	Same as Indicative	
2.	તું પીવાડે	તમે પીવાડો		
3.	તે પીવાડે	તેઓ પીવાડે		

Past Indefinite

M.	તેણે પોવાડ્યો	તેઓએ પીવાડ્યા	તે પીવાડત	તેઓ પીવાડત
F.	„ પીવાડી	„ પીવાડી		
N.	„ પીવાડ્યું	„ પીવાડ્યાં		

Future Indefinite

1.	હું પીવાડીશ	અમે પીવાડીશું	
2.	તું પીવાડશે (પીવાડીશ)	તમે પીવાડશો	Same as Indicative
3.	તે પીવાડશે	તેઓ પીવાડશે	

Pres. Imperative—તું પીવાડ, તમે પીવાડો.

Future Imperat.—તું પીવાડજે, તમે પીવાડજો.

Imperat. Inf. form (વિધ્યર્થ સામાન્યરૂપ)—(મારે-તારે-તેણે......)
પીવાડવો-વી-વું-વા-વાં

Participles.

Indef.—પીવાડવો-વી-વું.........

Agentival—પીવાડનારો-રી-રું........., પીવાડનાર

Present—પીવાડતો-તી-તું.........

Past—પીવાડ્યો-ડી-ડ્યું.........

Remote p.—પીવાડેલો-લી-લું.........

Future—પીવાડવાનો-ની-નું.........

Ind. p.—પીવાડી, પીવાડીને

મિશ્રકાળ—*Compound Tenses*

Present Imperfect

1.	હું પીવાડું છું	અમે પીવાડીએ છીએ	હું પીવાડતો–તી–તું હોઉં	અમે પીવાડતા–તી–તાં હોઈએ
2.	તું પીવાડે છે	તમે પીવાડો છો	તું ,, હોય	તમે ,, હો
3.	તે પીવાડે છે	તેઓ પીવાડે છે	તે ,, હોય	તેઓ ,, હોય

Past Imperfect

M.	તે પીવાડતો હતો	તેઓ પીવાડતા હતા	પીવાડતો	પીવાડતા
F.	,, પીવાડતી હતી	,, પીવાડતી હતી	પીવાડતી } હોત	પીવાડતી } હોત
N.	,, પીવાડતું હતું	,, પીવાડતાં હતાં	પીવાડતું	પીવાડતાં

Present Perfect

M.	પીવાડ્યો છે	પીવાડ્યા છે	પીવાડ્યો	પીવાડ્યા
F.	પીવાડી છે	પીવાડી છે	પીવાડી } હોય	પીવાડી } હોય
N.	પીવાડ્યું છે	પીવાડ્યાં છે	પીવાડ્યું	પીવાડ્યાં

Past Perfect

M.	પીવાડ્યો હતો	પીવાડ્યા હતા	પીવાડ્યો	પીવાડ્યા
F.	પીવાડી હતી	પીવાડી હતી	પીવાડી } હોત	પીવાડી } હોત
N.	પીવાડ્યું હતું	પીવાડ્યાં હતાં	પીવાડ્યું	પીવાડ્યાં

Emphatic Pres. Perf.

M.	પીવાડેલો છે	પીવાડેલા છે	પીવાડેલો	પીવાડેલા
F.	પીવાડેલી છે	પીવાડેલી છે	પીવાડેલી } હોય	પીવાડેલી } હોય
N.	પીવાડેલું છે	પીવાડેલાં છે	પીવાડેલું	પીવાડેલાં

Emphatic Past Perf.

M.	પીવાડેલો હતો	પીવાડેલા હતા	પીવાડેલો	પીવાડેલા
F.	પીવાડેલી હતી	પીવાડેલી હતી	પીવાડેલી } હોત	પીવાડેલી } હોત
N.	પીવાડેલું હતું	પીવાડેલાં હતાં	પીવાડેલું	પીવાડેલાં

Prospective Present.

1. હું	પીવાડવાનો-ની-નું	છું	અમે	પીવાડવાના-ની-નાં	છીએ	Ind.
2. તું	„	છે	તમે	„	છો	
3. તે	„	છે	તેઓ	„	છે	
1. હું	„	હોઉં	અમે	„	હોઇએ	Subj.
2. તું	„	હોય	તમે	„	હો	
3. તે	„	હોય	તેઓ	„	હોય	

Prospective Past.

M. હું-તું-તે	પીવાડવાનો હતો	અમે-તમે-તેઓ	પીવાડવાના હતા	Ind.
F. „	પીવાડવાની હતી	„	પીવાડવાની હતી	
N. „	પીવાડવાનું હતું	„	પીવાડવાનાં હતાં	
M. „	પીવાડવાનો હોત	„	પીવાડવાના હોત	Subj.
F. „	પીવાડવાની „	„	પીવાડવાની „	
N. „	પીવાડવાનું „	„	પીવાડવાનાં „	

N. B.—Besides પીવાડવું, the root પીવું has another પ્રેરક form, viz. પાવું.

SIGNIFICATIONS OF TENSES.

Present Indefinite.

218. શુદ્ધ વર્તમાનકાળ expresses a state or an act at the present time.

(*a*) It is the original form of the Present Tense, but દ્વિત્વ વર્તમાન having become more common in colloquial language, the Present Indef. is now found in the sense of the present tense only in poetry, and proverbial expressions: as,

જનમ **આપે** જનેતા, કરમ ન **આપે** કોય.
મીઠું **બોલે** મુખ થકી, પેરપેર કરી પ્રીત;
વિધવિધની વાતો કરી, **હરે** સર્વનું વિત્ત.

(*b*) It is used to express some doubt, contingency, or condition in the subjunctive mood: as—

આજે મારે ત્યાં **આવો** તો પેલી ચોપડી લેતા આવજો.
તું **બોલે** નહીં ત્યાં સુધી હું કેમ **સમજું**.

(*c*) It shows potentiality: as,—

આવી સાંકડી ગલીમાં ગાડી નહીં **આવે** (=આવી શકે)
આવો અઘરો દાખલો એ નહીં **કરે** (=કરી શકે)

(*d*) In interrogative sentences it asks permission : as, તેઓ જમવા **માંડે** ? આ બારણું બંધ **કરૂં** ?
જોડા સાથે અંદર **આવું**, સાહેબ ?

(*e*) It shows some habitual state or repeated act: as, ઘેર ઘેર **થાય** હરિ કિર્તન, એકાદશી વ્રત **કરે** હરિજન.

એક પટેલને ત્યાં ગાયો, ભેંસો, વાછરડાં ને પાડાં બહુ હતાં. પટેલ તેમનું બહુ જતન **કરે**, ચારો **નીરે**, પાણી **પાય**, રાતે વાડામાં **રાખે**, ...નનું વાછરડું કે પાડું થાકી જાય તો તેને ઉંચકીને **ચાલે**.

(*f*) It is used in blessing, praying, abusing and cursing; as, પરમેશ્વર તમને સુખી **રાખે**.

એનું ખાનું ખરાબ **થાય**. ત્હારૂં કાળું **થાયરે** માધવા !

(*g*) It shows futurity: as,

તે **જાય** પછી (=જશે પછી) હું આવીશ.

(*h*) It is used in the sense of the present Imperative: as, સેવકજન ઉપર દયા **રાખીએ** ને સાચાં જૂઠાં ન **કરીએ.**

Present Imperfect.

219. દ્વિત્વ વર્તમાનકાળ generally implies *continuity* and has the following significations:—

(*a*) It shows the continuance of an act at the present time: as,

હમે પાઠ **લખીએ છીએ.** તમે દાખલો **કરો છો?**

(*b*) It denotes what is always and necessarily true, and hence is used to denote permanent arrangements or laws of nature, habits or customs of living beings, and anything therein that is constant, regular or uniform: as,

પ્રયાગ આગળ જમના નદી ગંગાને **મળે છે.** [ઉંઘું છું.

હું આખો દિવસ **વાંચું છું**, સાંજે ફરવા **જાઉં છું**, ને રાત્રે નિરાંતે

(*c*) It indicates near futurity: as,

તમારે ત્યાં રજા કયારે **પડે છે?** આજથી કે કાલથી.

આવતે વરસે ગવર્નર **બદલાય છે** એવું સાંભળ્યું છે (=બદલાશે)

(*d*) It is used to describe past events as if they were passing before the eyes of the narrator, when it is called the *Historic* or *Graphic Present*:

કારભારીઓ અને અમલદારો......ફરવા લાગ્યા......કોઇ **વાટ જુએ છે**, કોઇ વિચાર **કરે છે**, કોઇ જોઇ **રહે છે**, કોઇ કાન **માંડે છે** કોઇ......આરામ **ભોગવે છે**, કોઈ નવા જુની **પૂછે છે**..........

N. B.—The *present perfect* (ભૂત વર્તમાન) is also used in a similar sense: as—

અબાભાઈ મલમલનું બદન પહેરી માથે ટોપી ઘાલી એક કોચ પર **બેઠા છે**......હીરાલાલ હસતે વદને અદબસર સ્હામે **ઉભો છે**, વિદ્યાગૌરી એક બાજુએ ચાકળાપર **બેઠી છે**......ન્હાની બેન હંસગૌરી નાહી ધોઈને એક પાટલાપર **બેઠી છે**......તે ધ્યાનમાં તદ્રૂપ **થઇ ગઇ છે.**

Past Indefinite.

220. શુદ્ધ ભૂતકાળ

(*a*) Denotes a single act in the past time: as,

ગયે મહિને કેટલીક જગ્યાએ ધાડ **પડી**, અને લૂટ **ચાલી.**

(*b*) Shows futurity in the subjunctive mood:

જો **બોલ્યા** (=બોલશો) તો પસ્તાશો.

જો **ગયા** (=જશો) તો ફસાશો.

(*c*) Has sometimes the force of the present or future tense: as,

તમે ધીરજ રાખો–હું હમણાં **ચાલ્યો** (=ચાલું છું, ચાલીશ.)

તમે જુઓની–આ મેં એને **પકડ્યો.**

(*d*) Shows habitual act in time past: as,

તેણે વૃદ્ધાવસ્થામાં ઘણું **ભોગવ્યું**.

Future Indefinite.

221. ભવિષ્યકાળ has the following uses:—

(*a*) It is used to show simple futurity: as,

આ કામમાં રાજાને પ્રધાનની સલાહ લેવી **પડશે.**

(*b*) **With the first person it shows will or intention or determination on the part of the speaker:**

હું ત્હારા પગ **દાબીશ**–ત્હારી સેવા **કરીશ**–ત્હને પરમેશ્વરની પેઠે **પૂજીશ**–ભાતભાતનાં ખાનાં **ખવડાવીશ**–નવરંગ લૂગડાં **પેહેરાવીશ** અને મોંઘાં ઘરેણાં **ઘાલીશ.**

(*c*) It is used as a polite way of expression in the Imperative mood (*Vide* Art. 176): as,

આજ સભામાં **પધારશો** (=પધારજો).

COMPOUND VERBAL FORMS (સંયુક્તરૂપ).

222. When two simple verbal forms, each being a significant word by itself, are so joined together that the second element loses its independent meaning and simply modifies the meaning of the first element, the resulting compound is called a **સંયુક્તક્રિયાપદ**: as,—

The root જવું by itself means *to go*: when it is joined to the સંબંધક ભૂતકૃદંત or the connective past participle મળી, the compound phrase મળી જવું becomes a સંયુક્ત ક્રિયાપદ, if જવું loses its own signification of *going*, and adds a sort of *completive* force to મળી. As મળી જવું = *to meet completely*, to fuse, to blend together.

This મળી જવું is *not* a સંયુક્ત ક્રિયાપદ if it only conveys two different ideas of મળવું and જવું, as in તારા ભાઈને બે કલાક **મળીજા** (= મળ and then જા).

223. The second or *ancillary* element, as it is called, because it modifies the sense of the first or *principal* element, is called the વિકારક or *modifier*, while the first is called the વિકૃત or *modified.*

224. The verbal forms that enter into the composition of these સંયુક્ત ક્રિયાપદ are—

(1) સંબંધક ભૂત કૃદંત (3) ભૂત કૃદંત
(2) વર્તમાન કૃદંત (4) સામાન્ય કૃદંત

We shall treat of the વિકારક that each of the above four વિકૃત takes, and of the distinctive force each વિકારક gives to the વિકૃત it follows.

225. સંબંધક ભૂત કૃદંત or the *connective past participle* takes the following વિકારક verbs:—

જા, ચૂક, રહે, નાંખ, લાખ, કહાડ, લે, દે—*intensify the sense,* or show *completeness* of the action denoted by the principal verb: as,

જા—બેસી જા, ખસી જા, બોલી જા, વાંચી જા, ઉતરી ગયો...
ચૂક—આવી ચૂકયો, પહોંચી ચૂકી, (વરઘોડો) ઉતરી ચૂકયો......
રહે—ભણી રહ્યો, કહી રહીશ, (બધા) આવી રહ્યા, વેચી રહ્યો...
નાંખ / લાખ —મારી નાંખ, પાડી લાખ, લૂંછી નાંખ, કહાડી લાખ...
કહાડ—લખી કહાડ, જોઇ કહાડ, ઘસડી કહાડ......
લે / દે — ફેંકી દે, ન્હાઇ લે, છોડી દે, નાંખી દે......

લે besides being an intensive element, also shows *complete appropriation* or *possession*: as, ખેંચી લે, ભરી લે, (નકલ) ઉતારી લે, લઇ લીધું, ચોરી લેશે........

પડ } denote *abruptness* or *suddenness*: as,
ઉઠ } લઇ પડયો, હસી પડયો, નમી પડવું, રડી ઉઠયો, સળગી ઉઠવું,

મૂક } show that the action of the principal verb
રાખ } is, in its state of completeness, to be *retained for future use*: as, બાંધી મૂક, રાખી મૂકેલું છે, આપી મૂકયું છે, ભરી રાખ, લખી રાખ, લઇ રાખ, મૂકી રાખ, રાખી મૂક......

શક shows *potentiality*: as, ઉડી શકયું, બેસી શકાયું, વાંચી શકયો, પહોંચી શકયો......

226. વર્તમાન કૃદંત or the *present participle* takes the following વિકારક verbs:-

જા denotes *continuity* or *persistence* of action: as, કામ કરતો જાય છે ને બડબડતો જાય છે, (હવા) બગડતી જાય છે, (શરીર) સુધરતું ગયું, (તાપ) વધતો જાય છે......

N. B.—The Imperative દેતો જા means *shut as you go* (=દઇને જા. દે ને જા).

રહે forms *continuative* or *frequentative* compounds: as, આવતો રહેજે, મળતો રહેજે, વાંચતા રહો (તો ભૂલો નહીં)

થા forms *inceptives*: as, ખાતો થા, ચાલતો થા, વ્હેંચતો થા, લખતો થા, પહેરતો થા......

આવ shows that the action has been *habitually performed in past time*: as, (હિંદુઓ) કરતા આવ્યા તે કરવાના, (એ તો) બડબડતી આવી છે (તે બડબડવાની)......

N. B.—In દોડતો આવ્યો, દોડતો is an *adverb*, showing *manner.*

227. ભૂતકૃદંત or the *past participle* takes the following વિકારક verbs:-

કર } denote *continuity*: as, વાંચ્યા કર, બોલ્યા કીધું, આવ્યા
જા } કરજે, જોયા કરીશ......

જા is also used in expressing *passivity*: as,

રહ્યું ન જાય=ન રહેવાય   માર્યો જવું=મરાવું

કહ્યું ન જાય=ન કહેવાય (*Vide* Art. 169).

228. સામાન્ય કૃદંત or the *infinitive* (or *gerund*) takes the following વિકારક verbs:-

જા } show the *commencement* of the action: as,
માંડ } કરવા ગયો, બેસવા જતો હતો, પીવા જાય છે, લખવા માંડ,
લાગ } ખાવા માંડ, દોડવા લાગ્યો, લ'ડવા લાગ્યો......

N. B.—(*a*) જેવો પીવા જાય છે કે પોપટે ચાંચ મારી

• (*b*) નદીએ જળ પીવા જાય છે

In (*a*) પીવા જાય છે is a સંયુકત ક્રિયાપદ, while in (*b*) પીવા is a સામાન્ય કૃદંત used as a noun in the dative case, showing purpose.

કર is used to form *desideratives*, which imply the desire to do the action denoted by the principal verb: as, ઉડવા કરે છે, બોલવા કરે છે, બેસવા કરતો હતો......

લાગ besides being an inceptive element, shows *aid or assistance: as*, ખાવા લાગ, ઉપાડવા લાગ, કરવા લાગીશ.

દે gives a *permissive* force: as, બેસવા દે, લેવા દે, જવા દે, આવવા દે, રહેવા દીધું, કહેવા દઇશ......

આવ is at times used in forming compounds, and then it shows that the action of the વિકૃત is *nearly finished* or *on the point of being finished*: as, (પાણી) ઉકળવા આવ્યું છે, (ચોખા) ચડવા આવ્યા છે, (રજા) પૂરી થવા આવી, (ખોરાક) થઈ રહેવા આવ્યો......

229. These સંયુક્તક્રિયાપદ should not be confounded with what are called *quasi-compounds* or *compound verbal phrases*, in which the first element, instead of being a કૃદંત, is either a *noun* or an *adjective*, like the English compounds *brow-beat* or *back-bite*: e. g.,

પેદાકરવું, વશકરવું, ઉત્પન્નકરવું, જપ્તકરવું.. ...
વસુલથવું, માફથવું, શરૂથવું, પ્રગટથવું......
ચોરીકરવી, વિચારકરવો, પસ્તાવોકરવો, પોષણકરવું......
માન્યકરવું, તાબેકરવું, સાર્થકકરવું, નાશકરવું......
નાશપામવું, કમીથવું.........

N. B.—It is clear from the above examples that the *infinitives* કરવું and થવું enter mostly in the formation of these verbal phrases, those with કરવું being *transitive*, and those with થવું being *intransitive*: as, ગાયન **શરૂ કરો**, લડાઈ **શરૂ થઈ.**

In પદચ્છેદ or *parsing* the verbs with કરવું may be parsed as *single* verbs, and these being transitive, take objects: as,

મ્હારો ગુન્હો માફ કરો. બંડખોરોને વશ કરવા હતા.

But in the case of those that combine with થવું, the two may be parsed *separately*, the first being taken as an adjec-

tive used as the *complement* of a verb : as, લડાઈ શરૂ થઈ. તમારી ભૂલ માફ થશે.

In a few phrases, the first element of the compound is a noun and it becomes the *subject* or *object* of the second element, according as the verb is intransitive or transitive: as,

તેણે મરતાં સુધી પોતાની માતાનું **રક્ષણ કર્યું**.

આજ સુધી તમારું **રક્ષણ થયું**, પણ હવે સંભાળજો.

VERBAL CONSTRUCTIONS (પ્રયોગ.)

230. **પ્રયોગ** or *Verbal construction* indicates a change in the form of a verb according as it agrees in gender, number and person with the *agent*, the *object*, or with the *notion* implied in the verb.

231. The agent or કર્તા, the object or કર્મ, or whatever influences the number, person or gender of a verb is called its **ક્રિયાનાથ.**

Thus, a verb in Gujarati may be singular or plural, in the first, second, or third person, and when inflected for gender, either masculine, feminine, or neuter.

232. The **ક્રિયાનાથ**—the word influencing the gender and number, or person and number of a verb—may be either (*a*) the *agent* or કર્તા, (*b*) the *object* or કર્મ, or (*c*) the *notion* or ભાવ implied in the verb. Hence—

There are *three** પ્રયોગ in Gujarati, viz.—

(*a*) કર્તરિ પ્રયોગ

(*b*) કર્મણિ પ્રયોગ (or કરણે સકર્મક)

(*c*) ભાવે પ્રયોગ (or કરણે અકર્મક)

233. The પ્રયોગ is કર્તરિ when the *agent* or કર્તા is the ક્રિયાનાશ્ય of the verb: in other words, when the verb agrees in gender and number, or in number and person with the agent or કર્તા. The *agent* then stands in the *nominative* case: as,

થોડી વાર થઇ એટલે દીવો સળગ્યો, વડાંખીર વિગેરે સર્વ જતું રહ્યું, રાક્ષસ ગુમ થઈ ગયો.

234. The પ્રયોગ is કર્મણિ when the *object* or કર્મ is

---

* In the first edition we spoke of *four* પ્રયોગ, the fourth one being ભાવ કર્તરિ પ્રયોગ. In the preface to the first edition, we admitted this to be a controversial point and open to discussion. We received several suggestions and hints about it, the sole meaning of all of them being this, that the acceptance of a new thing like this required a good deal of substantiating authority and explanation, and that it would be better to discuss such a point in notes rather than in the body of the text. Following this, we have taken up in the text only the *three* પ્રયોગ ordinarily mentioned in all such text books. We have, in this edition, omitted the fourth

the ક્રિયાનાથ of the verb: in other words, when the verb agrees in gender and number with the object or કર્મ. The *agent* or કર્તા stands in the *Instrumental* (તૃતીયા) or the *Ablative* (કરણાર્થે પંચમી) case: as,

એકે, બીજાએ અને છેલ્લે સર્વે **કામદારોએ કલમો** કાને **ખોસી, ચશ્મા** કપાળે **ચઢાવ્યાં,** પાઘ, મુકટ કે ફેંટા હેઠે **મૂક્યા.**

પરમેશ્વરની **નજર કોઇથી ચૂકવાતી નથી.**

235. The પ્રયોગ is **ભાવે** when *neither* the agent nor the object is the ક્રિયાનાથ of the verb, but the *notion* or ભાવ implied in the verb is assumed to be the ક્રિયાનાથ: in other words, when the verb *invariably* remains in the *third person, singular, neuter gender.* The *agent* or કર્તા in this case generally stands in the તૃતીયા or કરણાર્થે પંચમી case: as, **તારે જવું; મારે બેસવું;** (જેના મનમાં ચિંતાએ વાસ કીધો **તેનાથી**) નથી **ચલાતું,**

પ્રયોગ, not because we have finally decided against it, but because we have not succeeded in collecting a good many authorities on the point. Among the grammars that we came across in preparing this book, the only one that speaks of *four* પ્રયોગ is that of Mr. P. M. Bhatt. The best explanation that can be offered on the point is that given by Mr. Kher in his Higher Marathi Grammar. But, being pressed for time, we reserve this point for further discussion in the next edition.

નથી હલાતું, નથી રમાતું, નથી ગવાતું, નથી ઉઠાતું, નથી બેસાતું; એને ઘરમાં કોઈ સાથે બનતું નથી; મ્હને મુંબઇમાં ગમે છે; આજે ઘણું ધામે છે; મ્હને આ કલમે ફાવતું નથી; એને મ્હારા વિના ઘડી ચાલતું નથી.

236. It has already been mentioned that in કર્તરિ પ્રયોગ the agent takes the *nominative* case; as,

પ્રાત:કાળ થયો જેટલે, પુષ્પસેન જાગ્યો તેટલે.

In the કર્મણિ પ્રયોગ the agent takes the *instrumental* or the *ablative* case: as,

પ્રમદા (એ) આવી પાલવ ગ્રહ્યા, રાજાને એમ વચનજ કહ્યાં.
એ તો વાત વદી જે તમે, તે તો કેમ મનાયજ અમે. (સામળ.)
બ્હેન, મ્હેં તો તને કદી રીતી જોવાઈ નથી, તે તને આ શું થયું હશે?

In the ભાવે પ્રયોગ the agent takes the *instrumental* or the *ablative* case: as,

તમો વિના મેં રહ્યું ન જાય. (સામળ).
એવી રીતી ત્રણે બાઇની, મેં તો નવ રહેવાય. (પ્રેમાનંદ)

As the verb agrees with the object in કર્મણિ પ્રયોગ, and as an intransitive verb cannot take objects, it follows that—

Intransitive verbs may take the કર્તરિ or the ભાવે પ્રયોગ,

Transitive verbs may take the કર્તરિ or the કર્મણિ પ્રયોગ: or conversely,

કર્તરિ પ્રયોગ admits trans. as well as intrans. verbs.
કર્મણિ પ્રયોગ „ „ only,
ભાવે પ્રયોગ „ intrans. only.

237. **કર્તરિ પ્રયોગ** or the *subjectival* construction is used with the following:—

(*a*) Intransitive verbs in all tenses and moods: as, હું જોઉછું, તમે જતા હતા, તે ગએલો, કોણ જશે, સઘળા ગયા.

(*b*) Transitive verbs in the present and the future indicative and subjunctive, and in the past tense subjunctive only: as,

હું પાઠ વાંચુંછું—Present Ind.
હું પાઠ વાંચીશ—Future Ind.
હું પાઠ વાંચું—Present Subj.
તમે પાઠ વાંચશો—Future Subj.
તે પાઠ વાંચત—Past Subj.

238. **કર્મણિ પ્રયોગ** or the *objectival* construction is used with transitive verbs in the following tenses only:—

(*a*) Past Tense, Indicative.
(*b*) Remote Past, Ind. and Subj.
(*c*) Compound Tense Forms from (*a*) and (*b*)—*i. e.,* ભૂતવર્તમાન, દ્વિત્વભૂત, વિશેષભૂતવર્તમાન, વિશેષ દ્વિત્વ ભૂત.
(*d*) Imperative Infinitive (આજ્ઞાર્થ સામાન્ય રૂપ).

(*e*) Passive Voice in all tenses.

Examples—

(*a*) એણે પાઠ **વાંચ્યા**, કોપી **લખી**, અને કવિતા મ્હોડે **કીધી.**

(*b*) ગઈ કાલે મેં ચોપડી **જોયલી**, તેપર નામ **વાંચેલું**, અને વળી તેમાંથી એક શ્લોક ઉતારી **લીધેલો.** [**હતાં.**

(*c*) ગુગળનો ધૂપ **સળગાવેલો હતો** અને શ્રીફળ **વધેરેલાં**

(*d*) સારા છોકરાએ વિદ્યા પાછળ શ્રમ **લેવો**, ગરીબાઇ **વેઠવી**, અને જે સંકટ આવે તે સહન **કરવું.** [**ઘલાયાં.**

(*e*) પોટલાં **બંધાયાં**, કલમો **હ્હોવાઇ**, ચશ્મા ડાબલામાં

239. *Exception:*—The following verbs, though transitive, take the કર્તરિ પ્રયોગ in the past and remote past tenses: અડ, અડક, જમ, ચૂક, પામ, બોલ, ધાવ, ભણ, ભૂલ, બબડ, મળ, લાવ, વળગ, વદ, વિસર, શીખ, સમજ. As—

હું મારી ફરજ **ભૂલ્યો.** નગરાજા ઘણું દુઃખ **પામ્યો.**

N. B.—This exception does not apply to the પ્રેરક forms: as, તે નિશાન **ચૂકયો.**—ઓએ ચાતુરીથી **નિશાન ચૂકવ્યું.**

A few transitive verbs take sometimes કર્તરિ and sometimes કર્મણિપ્રયોગ. These are : કરડ, જીત, ડંસ, ઓચર, વદ, ભાખ, સાંખ, રમ, હાર, જણ.

ઉંદર મને **કરડયો**—ઉંદરે પાઘડી **કરડી.**

ઇંગ્રેજ લડાઇ **જીત્યા**—ઇંગ્રેજે મોટો દેશ **જીત્યો.**

240. Intransitive Verbs in the passive voice in all tenses, including the imperative infinitive, take the ભાવેપ્રયોગ or *Impersonal* construction: as,

મારાથી જવાશે નહીં—જવાતું નથી—જવાવાનું નથી ....
મારે જવું, તમારે આવવું. મારાથી રીતિવિરૂદ્ધ વર્તાયું.

GENDER, NUMBER AND PERSON.

(જાતિ—વચન—પુરૂષ).

241. In English the verb agrees with the subject in person and number only. While in Gujarati, it agrees with the ક્રિયાનાથ in *number and person*, or in *gender and number*. Hence in Gujarati પદચ્છેદ or *parsing*, it is usual to mention the gender, number and person of the verb to be parsed. In Gujarati, while some verbal forms take *gendral* suffixes, others have got *personal* terminations. For example, પડ્યો is *masc.*, પડી is *fem.* and પડ્યું is *neuter*: પડું છું is *first* person, પડો છો is *second* person, and પડે છે is *second* or *third* person. In the case of these, the gender, number and person of the verb are clear enough, but with respect to those that do not indicate them by themselves, the verb is always taken to have the gender, number and person of its ક્રિયાનાથ: as,

(*a*) છોકરા ! તું પડશે. (*b*) છોકરી ! તું પડશે.

(*c*) આજ વરસાદ પડશે. (*d*) આ તોફાનમાં ઘણાં ઘરો પડશે.

(*e*) તમને ઘણી અડચણો પડશે.

In (*a*) પડશે is *2 per., singular, masculine*,
„ (*b*) „ „ „ „ *feminine*,
„ (*c*) „ „ *3 per.*, „ *masculine*,
„ (*d*) „ „ „ *plural*, *neuter*,
„ (*e*) „ „ „ „ *feminine*.

INFLECTION OF ADVERBS.

242. Adverbs, as a rule, are *indeclinable*. Only when the વિકારી or *declinable* adjectives are used as adverbs, they are declined to agree in *gender and number* with the ક્રિયાનાથ of the verb modified: as હું **મોડો** આવ્યો, તું **મોડી** આવી, તેઓ **મોડા** આવ્યા, કોણ **મોડું** આવ્યું?

243. When the ક્રિયાવિશેષણ modifies an adjective, and if the latter be a વિકારી વિશેષણ, the former agrees with the વિશેષ્ય in gender and number: as, **ઘણો** સારો છોકરો, **ઘણી** સારી ચોપડી, **ઘણું** સારૂં રમકડું, **ઘણાં** સારાં ઘરો.

244. Sometimes the present participle is used as an adverb *showing manner*. It also then agrees in gender and number with the verb modified: as, છોકરો **દોડતો** ગયો, છોકરી **દોડતી** ગઇ, હરણ **કૂદતું** **કૂદતું** આવેછે, બચારૂં બાળક **બોલતું** **બોલતું** ઉંઘી ગયું.

CHAPTER VI.

ETYMOLOGY—શબ્દવિન્યાસ (*continued*).

DERIVATION.

245. *Derivation* is that part of શબ્દવિન્યાસ, which, as has already been shewn in Art. 55, treats of the *formation of words*, the *origin* and *primary signification* of each. Thus it is mainly concerned with **શબ્દસાધન** (*word-building*)and **પદભંજન** (*root-tracing*).

246. **શબ્દસાધન** is the process of forming *new words*, by the use of *prefixes* and *suffixes*, from a given *root*. Thus, for example, take the root કૃ (to do); to it add the prefix ઉપ and the *krit* suffix, to form the noun ઉપકાર : to this noun add the adjective suffix ઈ (=ઇન્), and the negative prefix અન્, and we arrive at the word અનુપકારી (ungrateful).

247. **પદભંજન** is the *contrary* process of arriving at the *root* by *dropping* all prefixes and suffixes, from a given word. Thus, for example, if from the word સદાચાર, the prefixes સત્ and આ be dropped, and the *krit* suffix અ be removed, we get at the root ચર્ (to move).

Thus the prefixes and suffixes play an important part in forming સાધિતશબ્દ from સિદ્ધશબ્દ.

248.— PREFIXES.

(a) SANSKRIT PREFIXES.

અ privative—અચળ, અન્યાય, અખંડ.
અન્ privative—અનંત, અનાદિ, અનુપમ.
અણ privative—અણસમજુ, અણજાણ્યું, અણબનાવ.
અતિ excessive—અતિશય, અત્યુક્તિ, અતિસાર.
અધિ over, upon—અધિકાર, અધ્યક્ષ, અધિપતિ.
અનુ after, like—અનુચર, અનુભવ, અનુપ્રાસ.
અંતર્ within—અંતઃકરણ, અંતર્યામી, અંતઃપુર.
અપ contradiction—અપરાધ, અપમાન, અપકીર્ત્તિ.
અપ bad—અપશબ્દ, અપકાર, અપભ્રંશ.
અભિ around—અભ્યાગત, અભિષેક, અભિમાન.
અવ bad, inferior—અવગુણ, અવદશા, અવલોકન.
આ towards, upto—આચરણ, આગમન, આવાસ.
ઉદ્ above, superior—ઉત્કંઠા, ઉત્તમ, ઉત્સાહ, ઉત્તજન.
ઉપ near, subordinate—ઉપસર્ગ, ઉપગ્રહ, ઉપવન, ઉપકાર.
કુ or ક bad—કુકર્મ, કપૂત, કઢંગુ, કજાત.

દુર્ દુસ્	badness, difficulty	દુર્બળ દુરાચાર, દુસ્તર, દુર્ગુણ.

ન privative—નકામું, નનામું, નાસ્તિક.
નિઃ privative—નિરંકુશ, નિષ્કપટી, નિસ્તેજ.
નિઃ out—નિર્ગમ, નીસરણી, નિરીક્ષા.
નિ down, into—નિવાસ, નિપતન, નિકૃતિ, નિમગ્ન.
પરા contrary—પરાભવ, પરાજય, પરાવર્તન.
પરા high—પરાક્રમ, પરાકાષ્ટા.
પરિ around—પરીક્ષા, પરિમાણ, પર્યટન, પરિક્રમા.

પરિ excessive--પરિશ્રમ, પરિપૂર્ણ, પરિપક્વ.
પુનર્ again—પુનર્જન્મ, પુનર્વિવાહ, પુનર્લગ્ન.
પ્ર forth--પ્રભવ, પ્રધાન, પ્રચાર.
પ્ર excessive--પ્રયત્ન, પ્રભુ, પ્રખ્યાતિ, પ્રતાપ.
પ્રતિ counter---પ્રતિપક્ષી, પ્રતિબિંબ, પ્રત્યુત્તર.
વિ intensive—વિનાશ, વિજ્ઞાન, વિભાગ, વિખ્યાત.
વિ absence--વિધવા, વિયોગ, વિસ્મરણ.
સ with--સટીક, સફળ, સવિસ્તર.
સમ્ with--સંગમ, સંવાદ, સંસાર.
સમ્ good--સંસ્કાર, સંસ્કૃત, સમર્પણ.
સમ્ perfectly---સંરક્ષણ, સંહાર, સંયોગ.
સહ with--સહવાસ, સહગમન, સહવર્તમાન.
સુ or સ good--સુવાસ, સપૂત, સુભાષિત.
સ્વ one's own--સ્વધામ, સ્વાર્થ, સ્વદેશ.
N. B.—Of these અણ, ક, ન and સ are *Prakrit* prefixes.

(*b*) PERSIAN PREFIXES.

‡સાત સોયાણીએ વેતર વંઠે--Too many cooks spoil the broth.

સાત સાંધે ને તેર તૂટે—The more I try, the farther I am off.

‡સાસ ત્યાં સુધી આશ—While there is life, there is hope.

સુખના સાથી, દુ:ખના વેરી---Prosperity gains friends, and adversity tries them.

‡સુખે સોની, દુ:ખે રામ–In prosperity gold, in adversity God.

સુડીવચ્ચેનું સોપારી—Between the hammer and the forge.

‡સુતારનું ચિત બાવળિયે--A cat always dreams of mice.

સૂતેલા સિંહને જગાડવો નહીં—Let sleeping dogs lie.

સો ગરણે ગાળીએ ત્યારે એકવાત કરીએ--Think twice before you do once. [and you will bring on scholar.

સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ---Lay on the rod,

સોડ પ્રમાણે સાથરો–Cut your coat according to your cloth.

‡સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો--Everp man has his own turn. Every dog has his day. [hundred of the fox.

‡સોનીના સો ને લુહારનો એક–One shift of the cat is worth a

સોનું જોઇએ કસી ને માણસ જોઇએ વસી---Judgs not of men or things at first sight. [pany he keeps.

સોબતે અસર ને તુખમે તાસીર--A man is known by the com-

‡સોમણુ તેલે અંધારૂં--It is dark under the lamp.

‡સોમવતી અમાસને શુક્રવાર–The Greek Kalends. Two Sundays never come together.

સૌ પોતપોતાનાં ગીત ગાય--Every cook praises his own broth.

સંઘર્યો સાપ પણ કામનો છે--Keep a thing for seven years, and you will find a use for it.

‡સાંભળીએ જનનું, કરીએ મનનું--Hear all, but follow thy own counsels. Give every one thine ear, but few thy voice. [the spring.

‡સુંઠને ગાંગડે ગાંધી ન થવાય–One swallow does not make

‡હરખાને ઠેકાણે પરખો ના પરણાવતા–Put the saddle on the right

હરામનો માલ પચે નહીં–Cheating play never thrives.[horse.

‡હાથ ચાટે કંઈ પેટ ન ભરાય- A fog cannot be dispelled by a fan.

‡હાથનાં કર્યાં હૈયે વાગે---Evil to him who evil thinks. As you sow, so shall you reap.

હાથમાં આવ્યું તે ખરૂં--A bird in the hand is worth two in the bush. [throat.

હાથે કરીને પેટમાં પાળી ન મારો–Let not your tongue cut your

હિમ્મતે મરદા તો મદદે ખુદા---Heaven helps those who help themselves. Fortune favours the brave.

‡હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા–Commit not to another what you can better do yourself. It is better to do a thing ourselves than entrust it to others.

‡હૈયે તેવું હોઠે--As we think, so we speak.

CHAPTER XIII.

IDIOMS AND IDIOMATIC EXPRESSIONS.

In Gujarati, as in any other language, one and the same word enters into so many idiomatic constructions,‡ the usual idioms are so numerous, and the colloquial expressions in every day use are so many, that it is greatly inconvenient—nay, almost impossible—to treat the subject in a way to exhaust it. We shall, in this chapter, try to point out merely the important parts, leaving the minor details to some other occasion, and shall strike out a course of treatment of our own on a basis similar to that of English idioms.

409.— Idiomatic Uses of Nouns.

એકડો.

એકડો આપવો—to consent to a proposition by appending one's signature to it.

એકડો કરવો—to write down one's signature.

એકડો કાઢી નાંખવો—to disregard (a man): મ્હારો તો એણે **એકડોજ** કાઢી નાંખ્યો.

એકડો લેવો—to get signatures of other persons.

એકડા વિનાનાં સો મીડાં ખોટાં—(used metaphorically.)

---

‡The authors lately came across a book called રૂઢિ પ્રયોગ કોશ published by the Gujarat Vernacular Society. This book explains in Gujarati the idiomatic expressions and phrases used in the language. The book is a very nice one on the subject, but the authors have refrained from making any use of it on account of the limited space at their disposal.

આંખ.

આંખ આવવી—ચ્હડી આવવી-દુ:ખવા આવવી-to suffer from eyesore.
આંખ કહાડવી--to look angrily at a man.
આંખ તરવી—on account of intoxication or fever.
આંખ ફરકવી—winking of the eye (that of the *right* eye being considered auspicious to males while that of the *left* eye to women.)

આંખ ફરવી—on account of anger.
આંખ ફેરવવી—to be angry; to look angrily.
આંખ ચોરાવવી—to cheat or deceive some one.
આંખ મારવી—to make some signs; to ogle.
આંખે આવવું-**આંખમાં** આવવું-to be jealous of a thing.
આંખ ચોરાવીને જતા રહેવું—to pass off secretly-without being at all noticed.

આસન.

આસન પાડવાં—to draw columns on a paper.
આસન આપવું--to provide with a seat.
આસન માંડવું—to arrange for one's seat.
આસન મૂકવું—ચોદા વગેરે ઉપર માખી અધાર મૂકે છે જેમાંથી જીવડાં ઉત્પન્ન થાય છે તે.

કંઠ.

કંઠે પ્રાણ આવ્યા—was on the point of death (also metaphorically: એને પાંચ રૂપિયા આપતાં તો **કંઠે પ્રાણ આવ્યા,** પણ શું કરે? આપવા પડયા)

કંઠ ફૂટવો-ઘાંટી ફૂટવી (જુવાની આવતાં).
-પક્ષી (પોપટ જેવા) ને કાંઠલો આવવો.

કંઠ બંધ થવો—not to be able to breathe freely.

કદ.

એ માણસનું કદ પોષાય એમ નથી.—His external appearance does not command respect.

તમે તમારા **કદમાં** રહો તો સારૂં—Better if you preserve your own self-respect.

કપાળ.

કપાળ કૂટવું—to beat the forehead.

—to trouble one's self a great deal: એને કંઇ સમજ તો પડતી નથી, તમે એની સાથે કયાં સુધી **કપાળ કૂટશો?**

કપાળ ફૂટવું—તે પડી ગયો અને તેનું **કપાળ ફૂટયું** (was fractured).—ઘર ફૂટયું તેનું **કપાળ ફૂટયું** (The house in which there are always family quarrels, is in a very miserable condition.)

કમર.

કમર કસવી—to gird up one's loins.

કમર ભાંગીજવી—to be thoroughly disappointed.

કમરનો ભાંગેલો—who cannot sit upright.

કમરમાં જોર રાખવું—not to be discouraged.

કમરનો ઢીલો—wanting in courage; coward.

કલમ.

કલમ કરવી—ઘડવી—to prepare a writing-pen by mending a reed.

કલમ રોપવી—ઝાડની ડાળી કાપી ભોંયમાં રોપી દેવી. [powerful.

એની કલમ બહુજ સાબીત—his composition is very

એની કલમ કંઇ જૂદીજ છે—he has a peculiar way of painting or writing.

(કોઇની) **કલમ** કાપવી—to disregard a man or to set

him aside in such a way that he feels it sorely.

કાટલું.

કાટલાં કરવાં—to make one lose something: જાણીતા વેપારીના હાથમાં અજાણ્યાનાં **કાટલાં થયાં** વિના રહેજ નહીં.

કાટલું કહાડવું–to do away with; to destroy (a person.)

કાન.

કેટલો વખત થયાં ઘરનો વિમો ઉતરાવવાનું એને કહીએ છીએ, પણ એના કંઇ **કાન ઉઘડતા નથી**—(he does not mind it).

કાન ઉઘાડવા—to give intimation.

કાનપર હાથ મ્હેલવા—to wash one's hands clear of a matter, to show perfect ignorance about it.

કાને હાથ મુકવા-દેવા-રાખવા } to refuse to listen to a man;
કાનેથી કહાડી નાંખવું } to disregard what he says.

કાન ફૂંકવા – to instruct (properly or improperly).

કાન ફૂંકવા–ભરવા–ભંભેરવા—to poison one's ears.

કાન ફૂટી જવા—to be deaf or pretend to be deaf.

કાન પકડાવવા—to point out another's mistake; to surpass.

કાન પકડવાની વાત—an event which teaches us some lesson.

કાન દેવા–માંડવા—to hear attentively.

કાનનું કાચું—who cannot hear every thing distinctly, a little deaf.
—easily lead astray by believing every thing; credulous.

કાન ફરફડાવીને ઉઠવું—to get up and shake off all sleepiness.

કાને પડવું—to hear something.

કાનોકાન—personally: મેં એ વાત **કાનોકાન** સાંભળી છે.

આંખ આડા **કાન** કરવા—to disregard or evade the point; to connive at it.

કામ.

કામમાં કામ—કામ ભળતું **કામ** કરી લેવું—to kill two birds with one stone.

કામ લાગવું—to be of some use; to be useful or serviceable.

કામે લાગવું—to begin work.

કામ કઢાડી લેવું—to effect one's purpose very artfully.

કાળજું.

કાળજું ઠંડું થયું—was perfectly satisfied.

કાળજું બળી ગયું—was very much grieved.

કાળજું ફટકી ગયું—ખસી ગયું—(he) is gone mad.

કાળજાનું નર્યું—very careful; cautious; in proper senses.

કાળજાંની કોર—dear to one as one's own life.

કૂચો.

એણે એ વિષયનો **કૂચો** કરી નાંખ્યો છે—he has mastered the subject thoroughly well.

એ વાતનોજ **કૂચો** કરશો કે બીજી કહેશો ?—will you be always speaking of the same thing or be giving us something new now?

કૂચો કરવો—to speak ill of; to slander.

ખબર.

ખબર કઢાવવી—to inquire; to get some information.

ખબર લેવી--to inquire after one's health.
—to severely reprimand.

ખબર રાખવી—to keep one's self informed of what happens; to look after.

ખબર આપવી--કરવી—to give information.

ખબર લાવવી—to bring some new information.

ગમ.

પેલી **ગમ** બેસો—sit on that *side*.

મ્હને કાંઈ એમાં **ગમ** પડતી નથી—I can make out nothing of it; I cannot understand it.

તે **ગમ** ખાઇ ગયો અને સામો જવાબ આપ્યો નહીં—bore it calmly and quietly—passively.

ઘર.

ઘર ભાંગ્યું—on account of constant family quarrels.
—on account of the death of some chief member in a family.
—to bear a great amount of loss: ભાઇ, ત્હારો તો વાડવો ભાંગ્યો પણ મ્હારૂં તો આખું **ઘર ભાંગ્યું**.

ઘર મારવું—to steal; to rob. [ઘાલ્યું છે.

ઘર કરવું—ઘાલવું—to be firmly rooted; એનામાં રોગે **ઘર**

ઘર માંડવું—to begin worldly life.

ઘર ચલાવવું—to manage the affairs of the household.

ઘર બેસવું—to be in a declining condition.
—on account of all the members dying out, and thus the whole family coming to an end.

ઘર ફોડવું—to bribe some member of the household to effect one's purpose.

ઘર ફૂટે ઘર જાય—disunion in the family is the root of all evil—brings about the fall and ruin.

ઘર ફોડવું—ફાડવું—to break into a house for stealing.

ઘરવાળો—an epithet for a husband.

ઘરવાળી—an epithet for a wife.

ઘરનો સુખી—who can maintain himself and his family without any difficulty; who is never pinched for the necessaries of life.

ઘાટ.

સોની **ઘાટ** ઘડે છે—the goldsmith is preparing some ornament. [ing of ?

કેમ, બેઠા બેઠા શું **ઘાટ** ઘડો છો—what you have been think-

ઉભો રહે, હું ત્હારો **ઘાટ** ઘડું છું—I mean to punish you se-

છ જણે મળી અભિમન્યુનો **ઘાટ** ઘડી નાંખ્યો-killed him. [verely.

સાતેક હરામખોરોએ મળી રાત્રે તેનો **ઘાટ** ઘડી નાંખ્યો-robbed him

ઘાણ.

ભજીઆંનો **ઘાણ**—the quantity fried every time.

ઓચિંતો ધસારો થવાથી લશ્કરનો **ઘાણ** નીકળી ગયો—many persons were killed. [spoiled by his arrival.

એ આવ્યો ને બધો **ઘાણ** બગડ્યો—the whole thing was

છાતી.

વેપારમાં **છાતીની** જરૂર છે—bold and enterprising spirit.

છાતી કઢાડીને ચાલવું—to walk straight upright with

vigour and courage; to walk with a bold front.

છાતી કૂટવી (શોકમાં)—to beat one's breast (in grief).

છાતી ફાટી જવી—to be extremely grieved and embarrassed by sudden and unexpected calamity.

છાતી ભરાઈ આવવી—to be on the point of weeping.

છાતી તોડવી—**છાતી** તોડ કામ કરવું—to work very hard.

છાતી ઠોકીને કહેવું–to assert something with confidence.

છાતી પર હાથ મૂકવો—to console; to condole.

છાતી પર બેસવું–એ તો મ્હારી **છાતી પર બેઠો** છે; કંઇ રળતો કમાતો નથી અને ઘરનું ખાઇને બેઠું કરે છે.

છાતી બળવી–to be jealous of; to feel pity for.

છાતીએ ધરવું—to press to one's bosom through affection.

છાતી ઉંચી આવવી–to be perfectly delighted-satisfied.

છાતી ચલાવવી—to undertake (to do a thing) boldly.

છાતીવાળું—courageous; enterprising.

જીભ.

તેની **જીભ** ઘણી લાંબી છે—he speaks out anything without considering the consequences.

તેની **જીભ** સખણી રહેતી નથી—he speaks out anything he likes.

તે **જીભનો** છૂટો છે-he uses abusive language very much.

. **જીભને** કાંઇ હાડકું **નથી**–there is no bone in our tongue, so it can be bent in any direction we like, i. e, it may speak out good things as well as bad things.

જીભ હલાવવી—to say a word: માત્ર **જીભ હલાવે** તો કામ થાય.

જીવ.

એ વાતમાં કંઇ ઝાઝો **જીવ** જણાતો નથી–use or importance.

તેનામાં હવે **જીવ** નથી કે ત્હારી સામા થાય–strength, power.

હાલમાં તે જરા **જીવ**વાળો ગણાય છે—rich, well-to-do.

તેને માટે મ્હારો **જીવ** અડધો અડધો થઇ જાય છે—too eager and anxious to see him.

જીવ આપવો–to sacrifice one's self; to commit suicide.

ત્હારે માટે તે **જીવ** આપવા તૈયાર છે—he is ready to undertake anything for your sake. [see you.

ત્હારે માટે તે **જીવ** તોડયા કરે છે—he is very anxious to

જીવ ઉડી જવો—to lose heart; to have no hopes; to be embarrassed.

જીવ ખાઇ જવો-to trouble one every now and then.

જીવ લઇ નાસવું—to run for life.

એવું કામ કરવાને મ્હારો **જીવ** ચાલતો નથી—I am not inclined or have no courage to do such deeds.

જીવ ઠેકાણે ન હોવો—ન રહેવો—to be perplexed.[xiety.

જીવ તાળવે ટંગાઇ રહેવો—to be in a state of great an-

જીવ હેઠો બેસવો—to be free from anxiety and care.

જીવ ફરવો—to feel giddiness.

એની પાસે કંઇક **જીવ** થયો છે-he has laid by some wealth.

એ ગયો ત્યારનો મ્હારો **જીવ** ઉંચો થતો—રહેતો હતો—I felt much anxiety for him. [thing.

(કોઇના) **જીવ** પર બેસવું—to depend on others for every-

જીવ ટૂંકો થયો—became less liberal than before.

દમ.

દમ લેવો—ખાવો—to take some rest.

દમ લેવો—to tease and trouble: એ તો મ્હારો **દમ લેશે.**

દમ મારવો—to wait a little. [ગુન્હો કબૂલ કર્યો.

દમ દેવો—to take to task: પોલીસે ખૂબ **દમ દીધો** ત્યારે

દહાડો.

હાલ એનો **દહાડો** સિકંદર છે—his star is in ascendance.

એના **દહાડા** વાંકા છે—(the converse of the above).

એનો દાદો મરી ગયો તેનો **દહાડો** પાણી ક્યારે થવાનો છે?–Feasts and caste dinners to be given after the demise of [a person.

નાક.

નાકજવું-કપાવું—to lose one's honour and respect.

નાક કાપવું—To insult and dishonour a person by acting in such a way that he feels it bitterly.

નાક નીચું થવું—to be humbled or humiliated.

શું **નાક** લઇને મ્હારી સાથે બોલતો હશે?—with what face? does he not feel ashamed ?

પગ.

પગ આવવા—to learn to walk.

પગ થવા—to disappear suddenly.

પગ ઉઠાવવા—to walk quickly.

પેટમાં **પગ** હોવા—to be very cunning.

પાઘડી.

પાઘડી બંધાવવી (કોઇની પાસે)—to have a turban folded for putting it on.

પાઘડી બંધાવવી (કોઇને)—to honour him. [opinions.

પાઘડી ફેરવી બાંધવી—to be insolvent; to change one's

પાણી.

પાણી ભરાઇ જવા—ઘણા સોજા આવવા ને મરવાની તૈયારીમાં હોવું.

પાણી ભરાવવું—મદ ઉતારવો; હરાવવું.

પાણી જવું—ટેક અથવા આબરૂ જવી. [power.

પાણી જોઇ લેવું--to see or measure one's strength or

પાણી છાંટવું—to cool down.

પાણી મૂકવું—to swear not to do a certain thing.

પાણી ફરી વળવું—the whole thing coming to nothing; all the trouble being lost.

પાણી ફેરવવું--કર્યુંકારવ્યું ધૂળ મેળવવું : બાપની લાખ રૂપિયાની દોલત ઉપર એ દીકરાએ **પાણી ફેરવ્યું**.

પાણી લાગવા--to incur some disease on account of the waters of a certain place not suiting one's constitution and health.

પાણી પાણી થઇ જવું—to be much perspired by hard work--to submit mildly being severely rebuked.

પાણી છૂટવું-સારૂં સારૂં ખાવાની વાતોથી મ્હારા મ્હોંમાં **પાણી છૂટેછે.**

પાણીથી પાતળું કરવું—to take a man to task so severely that he is unable to say a word in return.

લોહીનું **પાણી** કરવું } to exert one's self too much with-
લોહી **પાણી એક** કરવાં } out much caring for the effect.

ઉંડા **પાણીમાં** પેસવું-to undertake to do some hard work.

પાણીને મૂલે—at a very small price; for a trifle.

પાપ.

એના પેટમાં **પાપ** છે--કપટ. [incurs some sin.

છોને તે મ્હારી નિંદા કરતો, મ્હારૂં **પાપ** તો ધોય છે—he himself

પાપ ગયું—good that he is gone-dead.

પેટ.

પેટ ચોળીને શૂળ ઉપજાવવી-જાણી જોઇને હાથે કરી દુઃખ હોરી લેવું.

પેટમાં પેંસી નીકળવું--to know one's secrets.

પેટમાં રાખવું—to keep a thing secret.

એનું **પેટ**મોટું છે—he keeps secrets to himself-does not give them out.

પેટમાં રોગ હોવો—મનમાં કપટ રાખી વાત કરવી.

પેટ ભરવું—to maintain one's self.

હું પૈસા ખરચું છું તેમાં ત્હારા **પેટ**માં કેમ દુઃખે છે?-why are you troubled by it? why you cannot bear it calmly?

પેટ ચ્હડવું—on account of indigestion and costive bowels.

પેટ બાળવું--not to feed one's self properly.

પેટ તણાવું—on account of eating very much (more than the usual quantity).

પેટને ભાડું આપવું-to eat something to keep one's self free from starvation-to keep body and soul together.

પેટનું છોકરૂં--one's own child.

પેટ પૂર—sufficient for one's self.

પેટ ખોલી વાત કરવી-to speak out frankly and freely.

પેટમાં ભરાવું—to flatter one to guage his mind.

ઠંડે **પેટે**-without any anxiety or concern.

પેટે પાટા બાંધવા—to fast; not to eat (generally said of a miser.)

મન.

મન થવું—કરવું—to desire or wish for (something.)

મન માનવું-to be satisfied so as to give one's consent.

મન મનાવવું-to gratify one so as to gain his consent.

મન ખાટું કરવું—to make one sorry.

મન ચોળવું—to be sorry .

મનમાં **આવવું**—to take into one's head.

મન વાળવું—કંઇક બાબત મનમાંથી ક્હાડી નાખી તેને માટે દીલગીર ન થયાં કરતાં શાંતિથી નિરાંત વાળવી—સંતોષી રહેવું.

મન ઉઠવું—not to like (it.)

મન જોવું—to guage one's mind; to feel one's pulse.

મનપર લેવું—to pay due attention (to a subject).

મન ઉંચું થવું—-to be sorry; to have the tie of affection severed.

મોટા **મનનું**—liberal; charitable.

માથું.

માથું મારવું—to interfere in some affair (without any proper reason).

માથું આપવું—to undertake to do a thing even at the cost of one's head.

માથું કાપવું—to put to disgrace--break the trust.

માથું ઉંચકવું—to oppose; to stand in opposition.

માથું ઝીકવું-પટકવું-ફોડવું—to take trouble to no purpose : to cudgel one's brains to no avail.

માથું પાકી જવું-to be very much troubled or annoyed.

માથું ફરવું—to feel one's self giddy.

માથું ફેરવવું—to get enraged or angry.

માથું ભાંગવું—to surpass in rivalry. [chatter.
માથું ખાઈ જવું--to trouble one by some nonsense
માથું નીકળી પડવું } to suffer from a very
માથાના કકડા થઇ જવા } strong head-ache.
માથાનો ફરેલ--self-willed; obstinate.
માથે નાંખવું--to make one responsible for.
માથે ચ્હડાવવું—to obey; to submit to.
--to spoil (a child) by overfondling.
માથે ચ્હડી બેસવું—to disobey and disregard.
માથે પડવું--to be responsible or answerable for.
માથેથી ઉતારી નાંખવું—to be free from all responsi-
માથે હાથ મૂકવો—to bless (one). [bility.

મ્હોડું.

મ્હોડું ઉતરી જવું—to be all white and pale. [mouth.
મ્હોડું આવવું-to have some inflammation in the
મ્હોડું આપવું-to say something in reply; to care for.
મ્હોડું હલાવવું-to speak something; to chew something.
મ્હોડું બંધ કરવું—to stop speaking any further.
મ્હોડું કાળું થવું—to suffer disgrace.
મ્હોડું લાલ થવું—to win honour and fame.
મ્હોડે કરવું—to learn by heart.
મ્હોડાપર—in one's presence; not behind one's back.
મ્હોડું મલકાવવું-to smile a little; to laugh in one's
મ્હોડું ચ્હડાવવું-to look angry or displeased.[sleeves.
મ્હોડે ચ્હડાવવું—to overfondle (a child).

મ્હોડે ચાંપવું } to bribe one so as to stop
મ્હોડું ભરવું-દાબવું } all his further complaints.

મ્હોડું ભભડવું--to desire to eat.

મ્હોડું વાળવું—to weep aloud covering the face.

લોહી.

લોહી પડવું-to emit blood through any of the bodily

લોહી આવવું-to gain new blood in the body. [organs.

મીઠા **લોહીનું** માણસ—whom we all like to associate with; sociable.

લોહીનું તરસ્યું-blood-thirsty; revengful; vindictive.

હાડકું.

હાડકાંનો ભાંગેલો—આખો-said of an extremely idle and lazy man, who never does anything.

હાડકાંનો ખરો—diligent, and not tired of work.

હાડકાં વાળવાં--to work; to exercise one's self.

હાથ.

એ મ્હારા **હાથની**-વરની વાત નથી-it is not in my *power*.

મ્હારે **હાથે** એ કામ ન થાય-I would never do it *personally*.

એ કામમાં મ્હારો **હાથ** નથી—I have no *hand* in the matter; I have nothing to do with it. [*favour*.

તેનામ્હારા ઉપરચારે **હાથ** છે-I am very much under his

હાથ પકડવો—ઝાલવો--to lend assistance; to take the hand in marriage: નગર લોક સૌ દેખતાં **ઝાલીશ** જમણો હાથ.

હાથ ઘાલવો—to interfere (in some affair).[signature.

હાથ કાપી આપવા--to bind one's self by giving one's

હાથ કરવો—to deal a blow; to defeat. [struggle.
હાથ ખાવો—to be defeated or vanquished in a
હાથ દેખાડવો—to display one's strength to an ad-
હાથ દાબવો--to bribe (one). [versary.
હાથ ચલાવવો—to beat; to work quickly. [beat.
હાથ ઉપાડવો—to raise up one's hand in order to
હાથ ચાલવા—to beat with one's hand.
હાથ પગ ભાંગી જવા—to be so thoroughly disappoint-
ed as not to be able to do anything further. [side.
હાથપર લેવું—to win over (a person) to one's own
હાથ ચળવળવા—in order to beat or with a desire
હાથ આવવું—to find what was lost. [to beat.
હાથ ઉઠાવવો—to give up one's claims.
હાથ ઉપર રાખવો—to keep up one's supremacy.
હાથ ફેરવી જવું—to steal away (something).
હાથ મારવો—to obtain something by theft or robbery or any such dishonest means.

410.— Idiomatic Uses of Verbs.

આવવું.

ઝાડને ફૂલ **આવ્યાં**—brought forth.

આ વખત પાઘડી ઠીક ન **આવી**—not well-folded.

ઘર પડવા **આવ્યું** છે—ready to fall.

એને ડગલો બરાબર **આવતો** નથી-does not suit him well.

અવાળુ **આવ્યાછે**—inflammation of the gums.

મ્હો **આવ્યુંછે**—અતિશય શારીરિક ગરમીને લીધે.

આંખ **આવી** છે—suffering from eye sore.

આવી ચ્હડવું-પ્હોંચવું-to come up suddenly-in time.

આવી ચૂકવું-રેહેવું—to be exhausted; to come to an end.

આવી જવું—to come to pay a very short passing [visit.

આવી પડવું—to come all of a sudden.

આવી બનવું—to be on the point of death or de- [struction.

ઉઘડવું.

વરસાદ **ઉઘડયો** છે--વરસાદે ઉઘાડ આપ્યો છે—it has ceased [to rain.

બારણું **ઉઘડયું**—opened.

હવે મ્હારૂં નશીબ **ઉઘડશે** એમ લાગે છે—will be happy.

ઉડીજવું.

પાંજરામાંથી પોપટ **ઉડીગયો**—flew away.

તેના ચહેરાનો રંગ **ઉડીગયો**—became or turned pale.

તે તો તમને બધાને લઇને **ઉડીજાય** એવો છે—so cunning as to impose upon all of you without detection.

તેનો પગાર જોતજોતાંમાં **ઉડીજાય**છે—is spent away.

તડકામાં સાળુનો રંગ **ઉડીગયો**—the colour faded away.

ઉતરવું.

અનાજનો ભાવ કંઇ **ઉતરશે** ખરો—will fall or decline.

લડાઇમાં **ઉતરવું**—to enter the lists.

નદી **ઉતરવી**—to cross a river.

તેનું મ્હોડું **ઉતરી ગયું**--became or turned pale.

હાડકું **ઉતરી ગયું**--was dislocated.

છાશ **ઉતરી ગઇ**--વાસી રહેવાથી બગડી ગઇ.

એ તો વાત કરતામાં **ઉતરી પડે** છે-gets angry and quarrels.

ઉતારી પાડવું—to run down or slander a man.

એના વાળ બહુ **ઉતરી** જાયછે—fall off.

ઉતરાવવું.

મ્હારે એની નકલ **ઉતરાવવી** છે, કોઈ માણુસ બતાવશો ?

કુંભાર પાસે આજે દસ નવા ઘડા **ઉતરાવવા** છે.

કોઇ સ્ત્રી રાંડે તેને વાળ **ઉતરાવવા** પડે છે.

આ સ્ત્રીથી બેડું ઉંચકાતું નથી, એને જરા તે **ઉતરાવશો** ?

એને તો કંઇ આડું હોય એમ લાગે છે. કોઈને બતાવી દાણુંબાણું [ઉતરાવો તો ઠીક.

ઉપડવું.

હું સ્ટેશન આગળ પહોંચ્યો ને ટ્રેન **ઉપડી**—started.

આ મરકીમાં તેનું તો આખું ઘર **ઉપડી** ગયું—all the members of the family died.

આ વખતના છાપામાં અક્ષર બરાબર **ઉપડયા** નથી—not properly printed; are a little faint for want of proper pre- [ssure.

વાત કરતાં કરતાં તે તો ખૂબ **ઉપડયો**.-went on speaking with full freedom—without any check.

ઉભું કરવું.

આ કામ કોણે **ઉભું કર્યું** ?—who started it ? with whom did it originate?

છોકરાને માસ્તરે પાટલી પર **ઉભો કર્યો**—made him stand.

પેલાની સ્હામા તેના લાયક કોઇ ન જડયો ત્હારે બધાએ મળી મ્હને **ઉભો કર્યો**-persuaded, entreated, requested or asked me to confront him, to meet him boldly face to face.

ખખડાવવું.

હવે જાણ્યું ત્હારૂં ડહાપણ. રીતસર નાણું **ખખડાવી દે** નહીં તો ફજેત થશે—pay off the sum due. [task.

સારીરીતે **ખખડાવ્યો** ત્યારે બધી વાત કબૂલ કરી—taken to

ખખરવું.

આજે આંખમાં ઓસડ બહુ **ખખરે છે**—gives pain.

રસ્તે ગજવામાંથી રૂપીઓ નીકળી પડયો ને શોધતાં કંઇ જડયો નહીં તે મ્હને બહુ **ખખરે** છે—I am pained to the heart to

કારી સગાનું મરણ મનુષ્યને બહુ **ખખરે** છે. [think of it.

ખપવું.

હાલ વિલાયતી માલ બહુ **ખપેછે**--is much sold.

બધી પૂરી **ખપી ગઇ**–used up.[were killed or destroyed.

લડાઇમાં હમારાં બધાં માણસો **ખપી ગયાં** ત્યારે અમે કેસરીયાં કર્યા—

લુચ્ચાની સાથે લુચ્ચામાં **ખપે**--is considered or thought.

હિંદુઓને માંસ દારૂ નહીં **ખપે**-cannot use these things.

ખાવું.

લાંચ **ખાવી**--to take or receive bribes.

તે તો જરાજરામાં **ખાવા દોડે છે**--gets angry and becomes peevish and quarrels [the sum due.

તે મ્હારા સો રૂપીઆ **ખાઇ ગયો** છે--does not pay the

એ તો મ્હારૂંજ **ખાવા** બેઠોછે-though he has no right to it.

એ કેસ તો એના હજારો રૂપીઆ **ખાઇ ગયો**—the suit cost him &c. [change of climate.

હવા **ખાવા** જવું--to go out for an airing or a

કસમ **ખાવા**--to take an oath; to swear.

એણે છોકરીના પાંચ હજાર **ખાવા લીધા.**

તડકો **ખાવો**–to be exposed to heat.[situdes of life.

એણે ટાઢ તડકો બહુ **ખાધા** છે--has seen all the vicis-

ગળવું.

છાપરૂં બરાબર ચાળેલું ન હોવાથી, ઘરમાં બહુ **ગળેછે**--water treacles through the tiles on account of heavy rains.

આજ મ્હારી આંખ બહુ **ગળેછે**—water comes out from

કેરી હવે **ગળવા** માંડી છે–આંબો હોણુ બહુ વહેલો **ગળ્યો**. [them.

દૂધમાં ખાંડ બરાબર **ગળી** નથી—ઓગળી નથી.

આજે દાળ બરાબર **ગળી** નથી—સારી ચડીને એક થઇ નથી.

તે શરીરે બહુ **ગળાઇ** ગયો—is much emaciated.

હજુ સોનું બરાબર **ગળ્યું** નથી—has not melted.

તે વાતજ તે **ગળી** ગયો.—did not speak about it at all.

ચ્હડવું.

ચ્હડતું વ્યાજ--compound interest.

ચ્હડતો દિવસ—days of weal and plenty.

દિવસ ઘણો **ચ્હડયો** છે, હવે ઉઠ--it is very late in the morning. [the drug.

આજે એને ભાંગ **ચ્હડીહોય** એમ લાગે છે—influenced by

મહાદેવને તે રોજ સો બીલ **ચ્હડાવેછે**—worships the god with one hundred leaves. [sore.

આજે મ્હારી આંખ **ચ્હડી આવી છે**—suffering from eye-

તમે છોકરાને બહુ **ચ્હડાવ્યો–ચ્હડાવી મૂકયો છે**—overfondled him; spoiled him by overfondling.

બમર **ચ્હડાવવા**—to knit the eye-brows in anger.

ચાલવું.

એના હાથ બહુ **ચાલે** છે—beats one now and then.

એનું મ્હોં બહુ **ચાલે** છે--abuses every one freely.

કોઈનું **મ્હોં ચાલે** તો કોઈના **હાથ ચાલે**. [something.

એનું મ્હોં આખો દિવસ **ચાલતું ને ચાલતું**--always eating

પડવું. [field.

એ લડાઈમાં ઘણા યોદ્ધાઓ **પડયા**—died on the battle-

એ ચોપડી મને આઠ આઠ આને **પડી**—cost me 8 annas each.

ગળે **પડવું**-to charge some one without any ground.

ગળું **પડવું**—to suffer from the depression of the

આડું-વાંકું **પડવું**-to take something amiss. [pal[illegible]

પાકવું.

હોણ અનાજ બહુજ **પાકયું** છે. તમારો આંબો **પાકયો** કે નહીં?

બધી કેરી સામટી **પાકી ગઈ**. તેનું ગોડ આજે દશ દિવસે **પાકયું**.

એમાં ત્હારૂં કાંઈ **પાકયું**?—did you get anything by it?

હવે એ વાત બંધ કરો, મ્હારૂં માથું **પાકી ગયું**—I am very much troubled by it.

સો થાકશે ત્યારે **પાકશે**--will submit. [discounting it.

હુંડી પાકવાની તારીખ કઈ છે તે જાણો છો?—the day for

બેસવું.

કેમ, દાખલો **બેસે** છે કે નહીં?-can you solve the example?

એનું તમને **શું બેઠું**?--what did it cost you?

હવે ચોમાસું બરોબર **બેઠું**-now it has properly begun.

હજુ ચિત્ર કામમાં એનો **હાથ બેઠો** નથી--not yet a steady hand in drawing.

આજ ભાત **બેઠો** લાગે છે-તાપ વધારે લાગવાથી બળી પતેલી સાથે ચ્હોંટી ગયો હોય એમ લાગે છે.

હોણુના વેપારમાં ઘણા વેપારીઓ **બેઠા**--became in solvent.

મ્હારી જાણુમાં એ જ્ઞાતિમાં વીસ ઘર **બેઠા**-became extinct.

પૈસા આપી દે નહીંતો તારે **બારણે બેસીશ**--will force you to pay.

ઘેર **બેસવું**--to have no occupation to engage one's [self.

ચોમાસામાં ઘણાં ઘર **બેસી** જાયછે-the foundations give way.

ઘણી મુદતે સોનાનો ભાવ જરા **બેઠો**-the price fell a little.

ભરવું.

મ્હારી ચોપડી ફાડી તેના પૈસા **ભરી આપ.** હું એ **ભરી લીધા** [વિના રહેવાનો નથી.

સમજીને—વિચારીને ડગલું **ભરવું**--કંઇ કામ કરવું.

તમે બહુ અનાજ **ભરી મૂકો છો**--store up.

આજે ત્રણ છોકરાંને **વાડી ભરી હતી**—સાથે ફૂલ ગૂથતાં.

મારવું.

એણે અંધારામાં ચાર તીરો **માર્યાં**—discharged.

એ વૈદને પારો **મારતાં** ઠીક આવડેછે.

કંઇ **ધાડ મારી** કે?—have you succeeded? have you been able to do any- [thing?

હજુ એને **હાથ મારતા** તો આવડતું નથી-in swimming.

સટ્ટાના વેપારમાં ઘણા **માર્યાગયા**-became ruined.

તોપ **મારવી**-to tell exaggerated stories, to draw the long bow.

જખ **મારવી**--to be extremely sorry for one's fault.

મૂકવું.

મમરો **મૂકવો**--રંજક **મૂકવી**--to say something to make others quarrel among themselves.

એ વાતને **બીડે મૂકો**—put it aside. [to do it.
મેં તો એ વાતનું પાણી મૂક્યું છે—taken an oath never

રહેવું. [hold &c.

આ સઘળો સામાન પેટીમાં **રહેવાનો** નથી–the box cannot
માથું દુઃખતું **રહેશે** તો હું આવીશ. મ્હારા બધાસાંધા **રહીગયાછે.**
રહીરહીને એને રડવું આવે છે–at intervals. [or surplus.
રહ્યું **સહ્યું**--what remains after use; the remainder

લાગવું.

એનું ઘર **લાગ્યું** ત્યારે હું વડોદરે હતો--caught fire.
એ કામમાં મને બહુજ પૈસા **લાગ્યા**--cost me much.
હાથ **લાગવું**—to find.
એ તાળાને કોઇપણ કુંચી **લાગતી** નથી. [vice.
તે નોકરીએ **લાગ્યો** છે, હવે ઠેકાણે પડશે–has taken up ser-
એમાં ત્હને કેમ એટલું બધુ **લાગી જાય છે**?—why do you take it to heart so very seriously?

વાળવું. [covered.

મ્હોં **વાળવું**--to lament over a loss with the face
ગમે તેમ મન **વાળવાનુંજ** તો-to take comfort.
ઝૂડ મારતાં તો ઘણા જાણે છે, પણ **વાળતાં** બધાને આવડતું નથી.[thy
તમારે શરીર **વાળવું** જોઇએ–make it strong and heal-
એણે બાપનું ભારે કરજ **વાળ્યું**—discharged or paid off.
આજે **પગ વાળવાનો** વખત મળ્યો નથી–to take some rest.

411— Idiomatic Uses of Adjectives.

આડું.

આડું અવળું સમજાવવું--જૂઠું સાચું કહેવું.
આડું ફાટવું-to take some cross road all of a sudden.

આડે આવવું-to come in one's way. [prescribed days.
આડે દહાડે-any day except the holidays and other
એના તોફાનથી તો **આડો આંક**..

એને તો જરા જરામાં **આડું** પડે છે } takes every thing a-
એનો જરા જરામાં **આડું** પાડે છે } miss and gets peevish.

એને તો **આડું** હૈયું એમ લાગે છે-ભૂત, ડાકણ, વગેરેથી થતી પીડા.

કઠણ.

પથ્થર બહુ **કઠણ** હોય છે. તે રોગમાંથી બચવો **કઠણ** છે.
આ કામ બહુ **કઠણ** છે. હવે વખત બહુ **કઠણ** આવ્યો છે.
આ વાક્યનો અર્થ બહુ **કઠણ** છે. તેણે મ્હને બહુ **કઠણ** શબ્દો કહ્યા.
તે **કઠણ** છાતીનો આદમી છે.

N B.—The shades of meanings in all these sentences can be easily perceived.

કાળું.

કાળા અક્ષરને કૂટી મારે એવો છે-he is wholly illiterate.
કાળા પાણીએ જવું-to be transported to the Anda-
કાળું કરવું-to go away; to do some bad actions [mans
કાળું મ્હોં-a term of reproach.
કાળું ધોળું કરવું--to use means fair and foul.

412-- Miscellaneous Phrases.

ઉગી નીકળવું--to bear fruit: એની મ્હેનત ઉગી નીકળી.
દીલ ભરાવું--to be attacked with fever.
દીલે ભરાવું--to be fat nd robust.
શરીર વળવું--to be strong and healthy.
અંગ મરડવું-આળસ ખાવું (on account of want of rest).
મ્હેં તેને ખૂબ ઉધડો લીધો--took him severely to task.

એ તો છાણુમાં તરવાર મારે એવો છે—he talks of high things, but is never able to accomplish anything.

ખાધો લાડવો ?--did you gain anything? (always ironical).

ઉંધી પુતળીનો માણસ-one who cannot discern objects properly.

ઓઇઆં કરી જવું } not to pay one's debts; to rob
પચાવી પડવું-ખાઇ જવું } others of their dues.

એકી જવું—to go out to make water. }
બેકી જવું--to go out to answer the call of nature. }

N. B.—These two expressions are used generally by young pupils in common village-schools.

દીશાએ જવું-જંગલ જવું—કળશીએ જવું-બેઠી જવું-these terms are generally used by villagers.

ચોધો બાળવો—to speak out some secret.

ઓછું આણવું } to be dissatisfied and take every thing
ઓછે પાટલે બેસવું } ill.

લંબાવવું-આડા પડવું--to lie down for a short nap; to take some rest by stretching one's self on the bed. [tends to be ill).

ઘોડાજેવો તો છે--he is alright (said of a person who pre-

આજે શું શાક બનાવ્યું? બારશાક—i. e. no vegetable.

ઓરસિયા જેવું કપાળ—blank; without any ચાંદલો or તિલક.

નામ બોળવું—to disgrace one's family.

તેનું નામ બાળ--don't mention him before me

જીવ તલપાપડ થઇ જવો—to be extremely impatient.

જીવ તળે ઉપર થઇ જવો--to be extremely impatient; to be furious witn rage. [itself.

બહુ ડાહ્યો તે બહુ ખરડાય—too much cunning overreaches

પારકું ઘર કૃષ્ણાર્પણ-to be generous with another's property.

ઈન, મીન ને સાડે તીન—a phrase signifying *very few*.

અખાડા (આંખ આડા કાન) કરવા—to connive at.

ઘર કહે કે બાંધી જો અને લગન કહે કે માંડી જો-building of houses and marrying of children are great wasters of money.

ચઢે તે પડે-every rise has its fall, he that soars high, falls farthest.

ચણાના ઝાડ પરથી કૂદવું—to make empty boasts.

ચાવીને ચીકણું કરવું: ચાવીને કૂચો કરવો—to talk of the same thing over and over again without any purpose.

ચંડાળ ચોકડી—a crew of rogues; a set of knaves.

જાતપર જવું—to fall upon one's innate nature.

જેના પેટમાં દુઃખે તે વૈદને ઘેર જાય-he who is sick will seek the physician; he who suffers, loudly may complain.

બાંધી મુઠી લાખની, ઉઘાડી ત્યારે રાખની--silence is prudence.

એક ઘાના બે કકડા કરવા—to cut the matter short.

એક કહેશે કતારગામ ત્યારે બીજો કહેશે ઉધના-they are always opposed in their views (Kattargam and Udhana being villages near Surat, in *opposite* directions).

બે ગોળીનો ચડવો-one who blows hot and cold with the same mouth.

ધાનાર ત્યાં પાનાર નહીં ને પાનાર ત્યાં ધાનાર નહીં-none is completely happy; fortune seldom comes with two hands full.

ધોળે દહાડે—in broad day light.

દોઢ ડાહ્યો: અતિ ડાહ્યો—over wise; three wise by two.

દ્રાવિડી પ્રાણાયામ—a circuitous mode of speaking.

ઘડીએ ઘુંટ ભરાય છે—every moment is important (for the person is sure to die very shortly).

મંગળવાર કરવા—to observe a particular vow on Tuesdays.

કલઇ કરાવવી—to get one's self shaved.

શું કાંદો કહાડ્યો—what have you gained? (ironical).

કજીયાનું કાળબૂત (cobbler's last)—source of all quarrel.

એને તો કૂતરાની ઉંઘ છે—sleeps as lightly as a dog.

કુંદીપાક-કોપરાપાક-ગોળપાપડી આપવો (વી)-જમાડવો (વી) } to beat one severely.

કંઠી બાંધવી-ચેલો મુંડવો-to persuade one to follow suit.

ખરેખરો કન્યારાશી છે-perfectly coward or effeminate.

કજી ખાવી—to be angry and peevish.

એની આંખમાં બહુ કમળો છે—he is extremely jealous.

એની આંખમાં બહુ મરચાં બળરાય છે—he cannot bear to see other people's happiness.

કોઠું નહીં આપવું-not to mind or listen to what one says.

કોરે કાગળે મતુ-signature on a blank paper (ironical),
કંઈ ખરચી પાણી થયાં-મળયાંકે?-received any tip? [some time.

ખાટલો ભોગવવો-ખાટલે પડવું-to fall ill and continue to be so for
ત્હારૂં ખાનું ખરાબ થાય!-may evil befal you! (used in cursing)

ખાતર જમા કરી આપવી—to satisfy one's desires in such a way that he may never wish it again. [fool.
ગધેડાનો પાછલો પગ (ને બિલાડીનો આગલો પગ)-said of a great
ગધેડા ઉપર અંબાડી-a good thing in a bad place; a combination of two incompatible things. [both are equal.

ગધેડાનું મ્હોં કૂતરે ચાટ્યું-no one gains or loses anything thereby;
ધ્યાનમાં તે મનમાં—our wishes are father to our thoughts.

રાંધતાં આવડે નહીં ત્યારે લાકડાં લીલાં-a bad warkman quarrels with his tools.

નામ મોટાં ને લક્ષણ ખોટાં-great braggarts, little doers. [pity.
પહેલી રાતનું મરે તેને ક્યાં સુધી રડે-constant complaints never get
પીઠપર પગ મૂકીએ પણ કોઇના પેટપર પગ ન મૂકીએ-whip one's back, do not whip (or cut) one's belly.

બારમો ચંદ્રમા ને છઠ્ઠો રાહુ-dire enmity, diametrical opposition.

બોલે તે કરે શું ને ગાજે તે વરસે શું-barking dogs seldom bite.
હસવાનું ખસવું થઈ જાય-what begins in play may end in a fray.

રાત થોડી ને વેશ ઘણા-much work, little time.
લંકામાં સોનું તે આપણે શું કામનું?-why talk of Utopias[dle.

મળ્યું તો મીર નહી તો ફકીર-either win the horse or lose the sad-
વેચતી લડાઈ લેવી-to draw upon one's self unnecessary troubles.
પાડાને દુઃખે પખાલીને ડામ દેવો-to persecute one for the fault of
સત્તા આગળ શાણપણ નકામું—might is right. [another.

સ્મશાન વૈરાગ્ય—a momentary remorse, depression of spirits, indifference to world and its concerns.

હાજર સો હજુર—first come, first served. [in life.

સૌને ચડતી પડતી હોય છે—every man has ups and downs

ગોળે મરે તેને વિખે ન મારવો—never draw your dirk, when a dunt will do. [will bear any trouble.

સાચને કદી ન લાગે આંચ—a lie has no legs; a clear conscience

સુખ દુ:ખનો જોડો—every tide has its ebb.

લીલું ઝાડ જેમ વાળીએ તેમ વળે—bend the twig, bend the tree.

મનમાં પરણ્યા ને મનમાં રાંડ્યા—under my cloak, I will kill the king.

માણસ જોઈને વાત કરવી—cleave the log according to the grain.

મુઆ પછી સૌ વખાણે—a good, when lost, is valued most.

મુઆ નહીં ને ભૂત થયા: ડોશી મોઈ ને પોશી આવી, એરાં બેનાં બે—it amounts to the same thing.

રામનું રાજ્ય—a very happy kingdom (as that of Rama).

રામબાણ દવા—a very efficacious medicine (as sure of effect as the arrow discharged by Rama).

લીલી ઘોડી—ભાંગ પીવાથી આવતી ખુમારી.

(કોઈના) પૈસા ઘાલવા—never to pay the debt.

વેચીને ચણા કરવા—to be a spendthrift, and use away every thing extravagantly. [anger).

નહીં આવે તો જા, પડ ચૂલામાં—ખાડમાં—get you gone (said in

બહારથી ચોક પૂર્યા કરવા—to be very sweet and wise in speaking outwardly. [against it or over it.)

ચોકડી મૂકવી—to cancel a thing (by placing the mark ×

એક માણસ કિસબચોર તો ખરોજ—cunning and crafty in his own art.

ચોર્યાસીનો ફેરો—transmigration of soul through 84 lacs of births; hence metaphorically, a very hard, laborious, and intricate work. [84 castes.

ચોર્યાશી જમાડવી—to give a dinner to the Brahmins of all the

છક્કડ ખાવી--to be cheated; to suffer some loss.

છક્કા પંજા રમવા—to play a deceitful game.

છપ્પન વખારી (ને ભારોકૂંચી)—a busy body.

છાંટવું--છાંટ મારવી--to be idly gossipping. [you.

મ્હને તો ત્હારા છાંટા લાગ્યા—નડ્યા—I suffered loss on account of

(કોઇને) માથે છાણાં થાપવાં--not to obey; to disobey (him) on account of being overfondled in young age.

મૂરખનું નામું ભીંતે--a white wall is the fool's paper.

રંગમાં ભંગ--play ends in a fray. [really bad woman.

રહે તો આપથી ને જાય તો સગા બાપથી—it is in vain to watch a

લાંબા સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય-strive not to vie with

બેઠેલો પોપડો ન ઉખેડવો-do not rip up old sores.[the powerful.

ભસતા કૂતરાને રોટલીનો કટકો-stop the mouth of a barking dog with a sop, a sop to Cerberus. [honey-comb.

ભર્યા પેટ પર ખાંડ પણ ખારી—the full stomach loathes the

ધૂળધાણી ને વા પાણી-reduction to dust, wreck and ruin.

નાક કટ્ટા તો કટ્ટા પણ ઘી તો ચટ્ટા—an uninvited guest is like a straw.

નાગાને ફૂલે બાવળિયો તોકે છાંયડો થયો-a fool has no shame.

સૂરજ સામે ધૂળ નાંખીએ તો આંખમાં પડે—he that blows in the dust fills his own eyes. [straw.

ડૂબતાને તણખલાનો આસરો—a drowning man catches at a

ઢેડ ઢેખડે રાજી—poor folks are glad of pottage.

ધણીને સુઝે ઢાંકણીમાં, પાડોસીને સુઝે આરસીમાં—a gamester sees always more than a mere looker-on. [rob you the next night.

ધરમ કરતાં કરમ નડે-save a rogue from the gallows, and he will

જંગલમાં મંગળ, વસ્તીમાં કડાકા—a festival in a forest.[the deed.

જેના દહાડા પાધરા તેના વેરી આંધળા-the better the day, the better

જેનું કામ જે કરે—every man to his trade.

કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં-fools rush in where angels fear to tread.

છેટા ફાડી આપવો—to divorce. [all his unwillingness.

જખમારીને કામ કરવું પડ્યું-he had to do it notwithstanding

જુલાબ આપવો—સારી પેઠે ગભરાવવો-ધમકાવવો.

સારીપેઠે ધૂળ ઝાટકવી—to take severely to task.

ટકાના ત્રણશેર-said of a man, who is of no great importance or for whom nobody cares.

એના પેટમાં પગ-ટાંટીઆ છે—he is very cunning.

એની ડાગળી ચસકી છે—he is gone mad.

ડોળા ફેરવીને વાત કરવી—to talk angrily.

તેને હવે સ્વર્ગ બે આંગળ બાકી-દૂર છે—he is too much elated with his good fortune or success.

હાથો ઠોકી આપવો—to settle a contract.

હોળીનું નાળિયેર—a cat's paw.

કુળમાં એ એક દીવો નીકળ્યો-ઝળક્યોછે-he is the only man of importance and respect in the whole family. (When spoken ironically, the phrase means quite the reverse, and is applicable to a person who is a disgrace to the family).

લીલો દુકાલ—on account of excessive rain.

સૂકો દુકાળ—for want of rains; on account of drought.

નવનું સાંડીતેર કરવું-વેતરવું } to be too wise in interfering and
વિવાહનું વર્ષી કરવું } then to spoil the whole thing.

નાગો વરસાદ—rain in the bright sunshine or moonlight.

(કોઈમાણુસને) નીચવવો-to wring out money from him.[coach.

ટાંડો પથ્થર-said of a man who is very slow in action; a slow-

વચમાં પથરો નાંખવો-to throw obstacles in the way.

એણે તને ખરાબ માલ પધરાવ્યો છે—deceitfully: without in any way allowing you to know it to be so.

ખરેખરો સાડાત્રણ છે | he is wanting in common sense; somewhat foolish.
સાડા ત્રણ પાંસળી છે
સાડા ત્રણ પાયા છે
એનામાં એક પાયો ઓછો છે

જૈસેકુ મીલા તૈસા, તૈસેકુ મીલા તાઈ—birds of a feather flock together; like draws the like.

એક મગની બે ફાડ—children of the same parents.

અગસ્ત્ય ઋષિના વાયદા—false promises.

તેના વિના જરા પાટલો ફરવાનો નથી—can't do without him.

પાણિયારાના મુનશી | to talk of big things in the house but
ઘરનો વાઘ, બહારબકરી | be able to do nothing abroad.

એના પેટમાં પાળી છે—he is vindictive, revengeful.

પેચ રમવો—to play a deceitful game.

ભોડાં ફાડવાં—to reprimand strongly; to beat severely.

કોઈ માણસને ફોડવો—to learn all the secrets from him, generally by bribing him.

મારીબલા-બલારાત જાણે—I know nothing about it (said always in contempt).

ભંભેરીને ભૂતકરવું—to poison one's ears very much.

એતો ત્હારા મનને બાજીમૂળાજતો—of no use and importance.

કેમ આ કહુછું તે ઘાસ કાપું છું કે?—why don't you listen to me? do you mean to say it is all useless?

મગજમાં પવન બહુ ભરાયોછે—મિજાજ ઘણો વધી ગયોછે.

પુષ્પાંજલિ આપવી—(ironically) punish a little.

મોરચો મારવો-જીતવો | to perform some difficult task.
મોરમારવો-ધાડ મારવી |

હૈયા મેલું—who does not speak out frankly; cunning.

હૈયું ભરાઈ આવવું—to be very much affected and moved almost to tears.

વાઘને જોઈને તેનાં તો હાંજાજ ગગડી ગયા—he was very much terrified, and lost all presence of mind.

લાકડે માકડું વળગાડવું-to bring about a union of two things or parsons, not quite suitable or pleasing.

લાકડું ઘાલવું-to put in one's claim without a show of reason.

એ કંઈ લાડુ ખાવાનું કામ નથી-it is no easy task.

લીલા વિસ્તારવી-કરવી-to die (generally used of ધર્મોપદેશકો).

વટાણા વાવી જવા
પોબારા ગણી જવા
અગિયારા ગણી જવા } to fly away secretly no one knows where.

તેણે જરા સારૂ મ્હને હજાર વાનાં કર્યાં-rebuked me very much.

હાથ-સટ્ટો-શિકાર મારવો-to steal or rob; to get by dishonest means.

સ્વધામ પહોંચી જવું-to die.

એની દાઢ બહુ સળકેછે-સારૂં સારૂં ખાવાનું બહુ મન થાય છે.

હજુતો સોળે સોકટી કાચીછે
પાસેરામાં પહેલી પૂણી } it is merely a beginning; why are you in a hurry about it?

અઠ્ઠા બંધકરવા-to stop a man from arguing furthur: to shut up these points in the game of backgammon (સોકટાં બાજી); to, eat too much, so much so that the man cannot even breathe freely.

નહીં વાપરો તો અથાણું કરજો-preserve it for ever (ironical).

કાગનું બેસવું ને તાડનું પડવું--by a mere coincidence; quite unexpectedly or accidentally.

ભરવું સો ગજ પણ તસુ ન ફાડવું-look before you leap; consider twice before you do it once.

લખાણું તે વંચાણું-what is writ, is read.

ચોખે-ચોખ્ખી વાત કરવી—not to be afraid to call a spade a spade.

CHAPTER XIV.

I. SYNONYMS.

413. *Synonyms*-**સમાનાર્થદર્શકશબ્દ-પર્યાય**-are "words having *a shade of difference*, yet with a *sufficient resemblance of meaning* to make them liable to be confounded together." We give a few very common pairs or groups of such words below.

1. **રિવાજ** and **ટેવ**—**રિવાજ** refers to what is done by the majority; **ટેવ** respects that which is done by individuals; while **રિવાજ** points out the act, **ટેવ** refers to the doer of the act. પડી **ટેવ** તે તો ટળે કેમ ટાળી. તે ન્યાતમાં નાતરાંનો **રિવાજ** નથી. દેશ દેશના **રિવાજો** જુદા છે. બાળકોને નાનપણથી સારી **ટેવ** પાડવી જોઇએ.

2. ઇચ્છા and **મરજી**—ઇચ્છા is a gentle and calm desire for an object; while **મરજી** is an occasional wish or whim. ઇચ્છા is more reasonable, while **મરજી** may often be wanton and leads to unreasonable acts. એ અમલદારના વખતમાં સૌ પોતપોતાની **મરજી** પ્રમાણે વર્તતા. માન પ્રતિષ્ઠા સારૂ સર્વને સ્વાભાવિક **ઇચ્છા** હોય છે.

3. **ઉનું** and **ગરમ**—**ઉનું** shows hot by fire; **ગરમ** indicates natural property of things. **ગરમ** *may be* used for **ઉનું**, but **ઉનું** is *not* used in the sense of **ગરમ**; **જાગતો પહાડ ફાટેછેત્યારે ઉની રાખ નીકળેછે. આફ્રિકા એ ગરમ દેશ છે.**

4. **ઉધમુસી** and **ઉધડો**—**ઉધમુસી** is one who over-

sleeps habitually; **ઉંઘટ્ટો** is one who is overpowered by sleep at the time we are speaking; **ઉંઘણુશી** માણસ ઘણુંખરૂં સુસ્ત અને ઉદાસ રહેછે. **ઉંઘટું** બાળક ભારે લાગે છે.

5. **થોડું** and **ઓછું**—**થોડું** is little, while, **ઓછું** means less and indicates comparison or diminution. **થોડું** is opposed to ઘણું, **ઓછું** is opposed to વત્તું; **થોડું** પાણી લાવ; મારા ગયાથી આપના ઘરમાં હું શિવાય કાંઇ ચીજ **ઓછી** થઇ લાગે તો ચંદ્રકાન્ત આપશે.

6. **ઉપકાર** and **આભાર**—**આભાર** is the feeling of gratitude for some obligation received; **ઉપકાર** is the bestowing of a favour on a person; **ઉપકાર** is *active* while **આભાર** is *passive*; **આભાર** માનવો but **ઉપકાર** કરવો. તેણે એના ઉપર ઘણા **ઉપકાર** કીધા છે તેથી તે તેનો **આભાર** માને છે.

7. **નાનું** and **ઝીણું**—**નાનું** is small, while **ઝીણું** is fine or minute; વેનિસ શેહેર **નાના નાના** દોઢસો બેટપર આવેલું છે. એક ટીપાં પાણીમાં એક કરોડ **ઝીણાં** પોરાં માલમ પડે છે.

8. **જાનવર, પશુ, હેવાન** and **ઢોર**—**જાનવર** is any object having life. **પશુ** is a beast, either wild or domesticated; **હેવાન** is a beast and implies absence of reason. **ઢોર** comprises all kinds of cattle that have horns.

9. **ઘટવું** and **ખુટવું**—**ઘટવું** is to diminish or grow less, and is opposed to વધવું; **ખુટવું** is to run short or fall short of the necessary quantity or number. **ઘટવું** *may be* used in the sense of **ખુટવું**, but **ખુટવું** *is not* used in the sense of **ઘટવું**; ઘર્ણાથી **બુદ્ધિ ઘટે છે**. કાલ **કરતાં**

આજ છોકરાની સંખ્યા ઘટી. રોઇરોઇ રાતી આંખડી ખુટયું આંસુનું નીર.

10. **વાર્તા** and **વાત—વાર્તા** is an account or narration of some historical or imaginary subject; **વાત** is used in the above sense of **વાર્તા**, as also in the sense of a short speech or statement, event or even rumour. મેના પોપટની **વાર્તા**,' ઇરાવતી એક ઐતિહાસિક **વાર્તા**. તે બોલી ઉઠયો હા, રે હા, ખરી **વાત**! પાઘડી કેમ થઇ તે **વાત** સાંભળી ઇશ્વરલાલ બહુ ખુશ થયો.

11. **ચાલ** and **વર્તણુક—ચાલ** is conduct–the general tenor of a man's actions influenced by habits and morals; **વર્તણુક** is behaviour and is connected with the circumstances of a particular occasion. મગનલાલ સારી **ચાલના** આદમી છે. તેં તારા નાનાભાઈ તરફ જે **વર્તણુક** બતાવી તે સ્તુતિપાત્ર છે.

